સુવિચાર
કોઈપણ મનુષ્યના હાસ્ય પરથી ઘણીવાર તેનાં ગુણ અવગુણ અને પ્રકૃતિ પારખી શકાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રેસકોર્સ લવ ગાર્ડન પાસે વેપારીને ધમકાવી પોલીસના નામે રૂ.૩૨ લાખની લૂંટ P-4

Year-16, Issue-155 ■ DATE : 09-10-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતની ૬૪ કંપનીઓ બ્રિટનમાં જંગી રોકાણ કરશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટીશ પીએમ સ્ટાર્મર વચ્ચે મહારાષ્ટ્રના રાજભવનમાં શિખર બેઠક યોજાઈ: સંરક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે મહત્વના કરાર: નવ બ્રિટિશ યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ ખોલશે: યુવાઓને રોજગારીની નવી તકો ઉભી થશે**



**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતની મુલાકાતે આવેલા બ્રિટીશ વડાપ્રધાન કીમ સ્ટાર્મર અને વડાપ્રધાન વચ્ચે મહારાષ્ટ્રના રાજભવનમાં શિખર બેઠકોનો દૌર ચાલુ થયો છે અને બંને રાષ્ટ્રવડાઓ વચ્ચે સંરક્ષણ તેમજ વ્યાપાર સંબંધી કરારો પણ થશે. બ્રિટનના વડાપ્રધાનની સાથે એક વિશાળ વ્યાપારીક પ્રતિનિધી મંડળ પણ ભારત આવ્યુ છે અને તેમાં બ્રિટનની ૧૦૦ જેટલી કંપનીઓના પ્રતિનિધિઓ સામેલ થયા છે.

બ્રિટીશ વડાપ્રધાનની આ બે દિવસની મુલાકાતમાં બંને દેશો વચ્ચે હાલમાં જ જે મુક્ત વ્યાપાર કરાર થયા છે તે સંદર્ભમાં આગળ વધવાનો રોડમેપ નક્કી કરાશે. જયારે સંરક્ષણ ક્ષેત્રે પણ બ્રિટન સાથે કરાર થશે. અગાઉ જાહેર થયા તેમ ભારતની ૬૪ જેટલી કંપનીઓ બ્રિટનમાં ૧.૭૫ બિલિયન ડોલરનું રોકાણ કરશે.

૨૦૨૮માં ભારત વિશ્વની ત્રીજુ મોટુ અર્થતંત્ર બનશે તે પુર્વેની તૈયારીમાં બ્રિટન પણ ભારત સાથે તેનો સહયોગ વધારવા માંગે છે. બ્રિટીશ વડાપ્રધાને ગઈકાલે મુંબઈમાં વ્યાપાર જગતના અગ્રણીઓ સાથે બેઠક કરી હતી અને આજે ભારત અને બ્રિટન વચ્ચેના અનેકવિધ કરારોને પણ મંજુરી અપાશે.

ખાસ કરીને અમેરિકી ટેરિફ સંદર્ભમાં ભારત જે રીતે વ્યાપાર ઉદ્યોગ માટે નવા વિસ્તારોમાં પહોંચવા લાગશે તે સમયે બ્રિટીશ વડાપ્રધાનની આ મુલાકાત મહત્વની બની જશે. તેઓએ બ્રિટનનું વડાપ્રધાન પદ સંભાળ્યા બાદ પ્રથમ વખત ભારત આવ્યા છે.

નવ બ્રિટિશ યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ ખોલશે. બ્રિટિશ પીએમ કીર સ્ટારમરે મુંબઈમાં આ જાહેરાત કરી. સ્ટારમર અને પીએમ મોદીએ ગુરુવારે સવારે વાતચીત દરમિયાન વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા.

આ પછી, પીએમ મોદીએ કહ્યું કે આ કરાર બંને દેશો વચ્ચે આયાતને સરળ બનાવશે. આનાથી વેપાર વધશે અને યુવાનોને રોજગાર મળશે.

પીએમ મોદીએ સ્ટારમર સાથેની દ્વિપક્ષીય વાતચીત દરમિયાન વેપાર, સુરક્ષા, ટેકનોલોજી અને શિક્ષણ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. બંને નેતાઓએ 'વિઝન ૨૦૩૫' હેઠળ ભારત-યુકે સંબંધોને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો.

આ પછી, મોદી અને સ્ટાર્મર જિયો વર્લ્ડ સેન્ટરની મુલાકાત લેશે જ્યાં તેઓ વિશ્વના સૌથી મોટા ફિનટેક ઈવેન્ટ ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૫માં ભાગ લેશે. સ્ટારમરની બે દિવસીય ભારત મુલાકાતનો આજે છેલ્લો દિવસ છે.

પોતાના ભાષણ દરમિયાન, સ્ટારમરે ગાઝામાં શાંતિ કરારનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું, આ રાહતની વાત છે. આ કરાર હવે વિલંબ કર્યા વિના સંપૂર્ણપણે અમલમાં મૂકવો જોઈએ, ગાઝાને જીવનરક્ષક માનવતાવાદી સહાય પરના તમામ પ્રતિબંધો તાત્કાલિક હટાવવા જોઈએ.

સ્ટારમરે કહ્યું, ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉચ્ચ શિક્ષણની મજબૂત માગ છે. તેથી મને જાહેરાત કરતા આનંદ થાય છે કે વધુ બ્રિટિશ યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ સ્થાપિત કરશે, જેનાથી યુકેમાં આંતરરાષ્ટ્રીય શિક્ષણ આવશે.

ગઈકાલની મુલાકાત વિશે વાત કરતા સ્ટારમરે કહ્યું, ગઈકાલે યશ રાજ સ્ટુડિયોની મુલાકાત ખૂબ જ સુંદર રહી. અમે બ્રિટનમાં બોલિવૂડ ફિલ્મો બનાવવા માટે એક કરારની જાહેરાત કરી રહ્યા છીએ. ભારતની યુવા પેઢી ૨૦૪૭ના તે ધ્યેયને પ્રાપ્ત કરવામાં આગેવાની લેશે.

સ્ટારમરે કહ્યું, આજે રાત્રે વિદાય લેતા મને આશા છે કે આપણે મોટા નવા રોકાણને સુરક્ષિત કરીશું, જેનાથી આપણા બંને દેશો માટે ભવિષ્યના ક્ષેત્રોમાં હજારો કુશળ નોકરીઓનું સર્જન થશે.

મોદીએ ઈન્ડો-પેસિફિક, પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા અને યુક્રેન યુદ્ધવિરામ પર વાત કરી. પ્રધાનમંત્રીએ કહ્યું, યુક્રેન સંઘર્ષ અને ગાઝાના મુદ્દાઓ પર ભારત સંવાદ અને રાજદ્વારી દ્વારા શાંતિ પ્રાપ્ત કરવાના તમામ પ્રયાસોને સમર્થન આપે છે.

મોદીએ કહ્યું કે ભારત અને યુકે કુદરતી ભાગીદારો છે. આપણા સંબંધોનો પાયો લોકશાહી, સ્વતંત્રતા અને કાયદાના શાસન જેવા સહિયારા મૂલ્યોમાં મૂળ ધરાવે છે. વૈશ્વિક અસ્થિરતાના વર્તમાન યુગમાં, ભારત અને યુકે વચ્ચેની આ વધતી ભાગીદારી વૈશ્વિક સ્થિરતા અને આર્થિક પ્રગતિ માટે એક મહત્વપૂર્ણ પાયો રહી છે.

## આગામી તા.૧થી સહકારી બેંકો સામેની ફરિયાદ લોકપાલને કરી શકાશે





**મુખ્ય સમાચાર, વડોદરા**

૧લી નવેમ્બરથી રાજ્ય અને કેન્દ્રની સહકારી બેંકો એકીકૃત લોકપાલ યોજના હેઠળ આવરી લેવાની જાહેરાત રિઝર્વ બેંકે કરી છે. નવેમ્બર ૨૦૨૧ની એકીકૃત લોકપાલ યોજનાનો સહકારી બેંકોમાં પણ અમલ થતાં સહકારી બેંકોના ખાતેદારોને કરિયાદ નોધ અને તેનો નિકાલ નિયત સમયમાં ન થયો હોય નો લોકપાલને કરિયાદ કરી શકરશે.

નેશનલ અર્બન કો.ઓ. બેંક્સ ફેડરેશનના ડાયરેક્ટર એન.વી. પટેલે રિઝર્વ બેંકના આ પગલાને આવકાવું હતું. તેમણે જણાવ્યું હતુંકે, સહકારી બેંકોમાં ખાતેદારોની મોટાભાગની ફરિયાદોનો સ્થાનિક સ્તરે જ થઈ જાય છે. આમ છતાં રિઝર્વ બેંકનું પગલું ખાતેદારોનો વિશ્વાસ વધારશે. સહકારી બેંકોનો શોકપાલ હેઠળ સમાવેશ થતાં હવે આ યોજનામાં રૂ.૫૦ કરોડની ડિપોઝિટ ધરાવતી તમામ વેપારી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, રાજ્ય સહકારી બેંકો, કેન્દ્રિય સહકારી બેંકો, શિલ્ડયુલ કો.ઓ.બેંક અને નોન શિડ્યુલ્ડ પાયમરી કો.ઓ. બેંક આવરી લેવાઈ છે. આ પોજના હેઠળ ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓને પણ આવરી લેવાઈ છે.

રિઝર્વ બેંકે બેંકિંગ લોકપાલ પિડીત બેંક ગ્રાહકોને રૂા. ૩૦ લાખ સુધીનું વળતર આપી શકે તેવી સત્તા આપવાની દરખાસ્ત પણ રજૂ કરી છે. આ યોજના બેંક ગ્રાહકોને કોઈ પણ પરિણામી નુકશાન માટે રૂા.૩૦ લાખ સુધીનું વળતર આપી શકે છે. લોકપાલ યોજનાને મજબૂત બનાવવાનો આશય છે. બીજી તરફ ગ્રાહકોનો પણ સહકારી ક્ષેત્રે વિશ્વાસ વધશે. બીજી તરફ લોકપાલને ફરિયાદીએ સહન કરેલી યાતના અને ફરિયાદ નિપટાવવા માટે લાગનાર સમય માટે રૂ.૩ લાખ સુધીનું વળતર આપવાનો અધિકાર રહેશે તેવી પણ દરખાસ્ત છે.

## કફ સિરપની ત્રણ બ્રાન્ડને સરકારે ઝેરી જાહેર કરી તેના ઉત્પાદન અને વેચાણ પર મુકયો પ્રતિબંધ



**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

બાળકોને કફ અને શરદી સમયે અપાતા સિરપમાં ઝેરી તત્વો હોવાનો વિવાદ ચમકી રહ્યો છે અને તેના કારણે દેશમાં જે મૃત્યુ થયા તે પછી સરકારે તમામ કફ સિરપની તપાસ કરવા આદેશ આપ્યો છે તે વચ્ચે હવે કફ સિરપની ત્રણ બ્રાન્ડને સરકારે ઝેરી જાહેર કરીને તેના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મુકી દીધો છે.

જે મૃત્યુ થયા તે કફ સિરપમાં COLDRIF ઉપરાંત REHPI FRESH તથા RELIFE ને સરકારે ઝેરી જાહેર કર્યા છે અને હવે આ કફ સિરપ દેશમાં વહેંચી શકાશે નહી. જો કે આ ત્રણમાંથી કોઈ કફ સિરપની નિકાસ થતી નથી.

મધ્યપ્રદેશમાં જે કફ સિરપે સૌથી વધુ મૃત્યુ નિપજાવ્યા તે COLDRIF માં ડાયથેલીન ગ્લાયકોનનું ૪૮.૬ ટકા પ્રમાણ જોવા મળ્યું હતું જે ફકત ૦.૧ ટકાનું પ્રમાણ માન્ય ગણવામાં આવે છે.

આમ આ કફ સિરપ ૪૮ ગણું ઝેરી હતું અને તે જ મૃત્યુનું કારણ બન્યું છે. જો કે અન્ય બે કફ સિરપથી હજુ કોઈ મૃત્યુ નોંધાયા નથી છતાં પણ તેમાં હાનીકારક સોલ્વન્ટનું પ્રમાણ વધુ હોવાથી તેને પ્રતિબંધીત કરાયા છે.

## કાલે નોબેલ પારિતોષિકની જાહેરાત



### ટ્રમ્પ માટે ૨૪ કલાક મહત્વના

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

આ વર્ષના નોબેલ પારિતોષિકોની જાહેરાત શરુ થઈ ગઈ છે તે સમયે શાંતિ માટેના પારિતોષિકની આવતીકાલે થનારી જાહેરાત પુર્વે જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અકળામણ વધી ગઈ છે.

તેઓએ પોતે વિશ્વના અનેક યુદ્ધ રોકયા હોવાનો દાવો કરીને શાંતિ માટેનો નોબેલ તેમને મળવુ જોઈએ તેવુ સતત કહી રહ્યા છે પણ હવે તેઓએ એવું વિધાન કર્યુ કે કદાચ મને શા માટે નોબેલ ન મળવુ જોઈએ તેના કારણો એ લોકો (નોબેલ કમીટી) શોધી કાઢશે.

ટ્રમ્પે એક મુલાકાતમાં કહ્યું કે, મે અત્યાર સુધીમાં સાત યુદ્ધ રોકાવ્યા છે અને હવે રશિયા-યુક્રેન યુદ્ધ પણ રોકાવાના પ્રયાસો અંતિમ તબકકામાં છે. હું નથી માનતો કે કોઈએ ભૂતકાળમાં આટલા બધા યુદ્ધ રોકયા હશે પણ માનુ છું કે કદાચ તેઓ મને નોબેલ નહી આપવાનું કારણ શોધી લેશે.

તેમણે ફરી દાવો કર્યો કે ભૂતકાળમાં જ કદી કોઈએ નથી કર્યુ તે મે કર્યુ છે. અગાઉ ભારત-પાકિસ્તાન સહિતના યુદ્ધને અટકાવવાનો પ્રમુખ ટ્રમ્પ દાવો કરી શકે છે અને તેઓ પ્રારંભથી જ પોતે નોબેલ માટે હકકદાર હોય તેવું જણાવે છે. હવે આવતીકાલે જાહેર થનારા શાંતિ માટેના નોબેલ પુર્વે ટ્રમ્પે કહ્યું કે જો મને નોબેલ પારિતોષીક ન મળે તો તે અમેરિકાનું અપમાન ગણાશે.

## ડી કંપની તરીકે ઓળખાતી દાઉદ ઈબ્રાહિમ ગેંગે ભારતીય ખેલાડીને આપી ધમકી




**મુખ્ય સમાચાર, મુંબઈ**

ટીમ ઈન્ડિયાના સ્ટાર રિંકુ સિંહને અંડરવર્લ્ડ તરફથી ધમકીઓ મળી હોવાના અહેવાલ છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, તપાસમાં જાણવા મળ્યું છે કે ડી-કંપની તરીકે ઓળખાતી કુખ્યાત દાઉદ ઈબ્રાહિમ ગેંગે ફેબ્રુઆરી અને એપ્રિલ ૨૦૨૫ વચ્ચે રિંકુ સિંહની પ્રમોશનલ ટીમને ત્રણ ખંડણીની માંગણીઓ મોકલી હતી, જેમાં ૫ કરોડની માંગણી કરવામાં આવી હતી.

પોલીસે આ કેસ સાથે જોડાયેલા બે શંકાસ્પદ વ્યક્તિઓ, મોહમ્મદ દિલશાદ અને મોહમ્મદ નવીદની ધરપકડ કરી છે, જેમને વેસ્ટ ઈન્ડિઝમાં ધરપકડ કરવામાં આવી હતી અને ૧ ઓગસ્ટના રોજ ભારતીય અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા. આ આરોપીઓની અગાઉ સ્વર્ગસ્થ ભૂતપૂર્વ ધારાસભ્ય બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકી પાસેથી ૧૦ કરોડની ખંડણી માંગવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન તેમાંથી એકે રિંકુ સિંહને ખંડણી માંગવા માટે ફોન કર્યાની કબૂલાત કરી હતી.

ઉત્તર પ્રદેશના અલીગઢમાં એક સામાન્ય પરિવારથી ઉછરેલી રિંકુએ ક્રિકેટમાં ચમકવા છતાં મેદાનની બહાર પડકારોનો સામનો કર્યો છે. તાજેતરમાં સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કર્યા પછી, સિંહની વધતી જતી ખ્યાતિ હવે સુરક્ષા ચિંતાઓ સાથે આવી છે.

## આજે સાંજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રાજકોટમાં: કાલે સોમનાથ મહાદેવના દર્શન કરશે

### વહીવટી તંત્ર એલર્ટ: સજજડ સુરક્ષા વ્યવસ્થા: હિરાસર એરપોર્ટ ખાતે ગાર્ડ ઓફ ઓનર સાથે રાષ્ટ્રપતિનુ ભવ્ય અભિવાદન કરાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે તા.૯ના સાંજથી સૌરાષ્ટ્રના ત્રણ દિવસના પ્રવાસે આવી રહ્યા હોય વહીવટી તંત્ર એલર્ટ બની જવા પામેલ છે. તેની સાથોસાથ સજજડ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાંજના ૭ વાગ્યે એરફોર્સના ખાસ વિમાનમાં રાજકોટના આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ પર આવી પહોંચનાર છે.

હિરાસર એરપોર્ટ ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું ગાર્ડ ઓફ ઓનર સાથે ભવ્ય અભિવાદન કરવામાં આવશે ત્યાર બાદ તેઓ સજજડ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રાજકોટના સર્કીટ હાઉસ ખાતે પહોંચશે જયાં તેઓ રાત્રી રોકાણ કરશે.

ત્યારબાદ બીજા દિવસે એટલે કે તા.૧૦ના સવારના ૧૦ રાજકોટથી હેલીકોપ્ટર મારફતે સુપ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથ પહોંચી તેઓ દેવાધિદેવ સોમનાથ દાદાની પૂજા-અર્ચના કરશે. રાષ્ટ્રપતિના આગમનને લઈને રાજકોટના સર્કીટ હાઉસને રંગરોગાન રોશનીથી સુશોભિત કરવામાં આવેલ છે. ગઈકાલે પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા સંયુકત રીતે રિહર્સલ કરવામાં આવેલ હતું.

રાષ્ટ્રપતિના આગમનને લઈને શહેરના તમામ વિસ્તારોને નો-ડ્રોન જાહેર કરી સજજડ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે રાજકોટ આવી પહોંચ્યા બાદ રાત્રી રોકાણ સર્કીટ હાઉસમાં કર્યા બાદ બીજા દિવસે હેલીકોપ્ટર મારફતે સુપ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથ પહોંચી દેવાધિદેવ સોમનાથ દાદાના દર્શન તેમજ પૂજા અર્ચના કરશે અને બપોરનું ભોજન પણ સોમનાથમાં લેશે.

ત્યાર બાદ તેઓ સાસણ ખાતે સિંહ દર્શન માટે જવા રવાના થશે અને ત્યાં રાત્રી રોકાણ કરશે. ૧૧મી તારીખે સવારે તેઓ સાસણ ખાતેથી સીધા જ દ્વારકા જવા રવાના થશે.

દ્વારકા મંદિર ખાતે દ્વારકાધીશના દર્શન અને બપોરનું ભોજન લીધા બાત તેઓ જામનગર એરપોર્ટ ખાતે પહોંચશે. જામનગરથી તેઓ સીધા જ અમદાવાદ ખાતેની ગુજરાત વિદ્યાપીઠના કાર્યક્રમમાં હાજરી આપશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સાંજે તેઓ દિલ્હી જવા માટે રવાના થશે.

મહામહિમ રાષ્ટ્રપતિના રાષ્ટ્રપતિના રાજકોટ ખાતેના રાત્રી રોકાણને લઈને કલેકટર તંત્ર દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમની સુરક્ષા અને વ્યવસ્થાની જવાબદારી ૫૦ જેટલા અધિકારીઓને તૈનાત કરી દેવામાં આવેલ છે.

રાષ્ટ્રપતિના પ્રવાસ અને રાત્રી રોકાણને લઈ સુરક્ષામાં સહેજ પણ કચાશ ન રહે તે હેતુથી પોલીસ કમિશ્નર દ્વારા મહત્વનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા અનુસાર સુરક્ષાના કારણોસર શહેરના એકપણ વિસ્તારમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે.

## ટ્રમ્પે જેનેરિક દવા પર હવે ટેરિફ ઝીંકવાની યોજના પડતી મુકી

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ભારતીય ફાર્મા કંપનીઓને અમેરિકાના ટેરિફ ડામમાંથી આંશિક રાહત મળવાના સંકેત છે જે અંતર્ગત જેનેરિક દવા પર પણ ટેરિફ ઝીંકવાની યોજના પડતી મુકવામાં આવી છે. અમેરિકામાં ૫૦ ટકા જેનેરિક દવા જ વેચાય છે. લોકલ નાગરિકોને પણ રાહત મળી શકશે.

અમેરિકન માર્કેટમાં સૌથી વધુ જેનેરિક દવા ભારતમાંથી આયાત થાય છે. અમેરિકામાં વેચાતી જેનેરિક દવામાંથી ૪૭ ટકા યોગદાન માત્ર ભારતીય કંપનીઓનું છે તેના પર ટેરિફ નહીં નાખવાનો નિર્ણય ટ્રમ્પ તંત્રને મોટી પીછેહઠ રૂપ ગણવામાં આવે છે. ફાર્મા કંપનીઓ પર ટેરિફના નિર્ણય વખતે જેનેરિક તથા બ્રાન્ડેડ



ઉપરાંત ડ્રગના ફોર્મેશન-માલને પણ આવરી લેવાનુ નકકી કરાયુ હતુ.

દવા પર ટેરિફ મામલે ટ્રમ્પ શાસનમાં જબરો આંતરિક વિવાદ પણ સર્જાયો હતો. કટ્ટરવાદીઓએ દવા ઉત્પાદન અમેરિકામાં જ વધારવા ટેરિફ જરૂરી ગણાવ્યા હતા. પરંતુ બીજા વર્ગે આ પગલાથી દવાના ભાવ વધી જવાની અને અછત સર્જાવાની ચેતવણી આપી હતી એટલુ જ નહી. જેનેરિક દવા સસ્તી હોવાથી ટેરિફનો કોઈ ફાયદો નહીં થવાની અને અમેરિકી ઉત્પાદકો તેમાં રસ નહીં લ્યે તેની દલીલ પેશ કરી હતી.

અમેરિકી ટેરિફને કારણે ટ્રમ્પને આંતરિક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ચીને અમેરિકી કૃષિપેદાશો ખરીદવાનુ બંધ કરતા અમેરિકી ખેડુતોને રક્ષણ આપવા ૧૬ અબજ ડોલરનું પેકેજ જાહેર કરવુ પડયુ છે.

આ કદમથી અમેરિકનોમાં પણ આક્રોશ સર્જાયો છે અને સોશ્યલ મીડીયામાં ભારે ટીકા થવા લાગી છે. આ સ્થિતિ ટાળવા માટે જેનેરિક દવાને ટેરિફના ડામમાંથી મુક્ત રાખવાનુ નકકી થયુ છે.

## શેરબજારે પીછેહઠ કરતા ડિમેટ ખાતા ખોલવાની સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ડિમેટ ખાતાની સંખ્યામાં વધારો તો થઈ રહ્યો છે પરંતુ તેની ગતિ ધીમી પડી ગઈ છે. ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ નવ મહિનામાં ડિમેટ ખાતા વધવાની સંખ્યા ૪૦ ટકા ધીમી પડી છે. માર્કેટમાં વોલેટિલિટી વધતા અને વળતર નબળું પડતા નવા રોકાણકારોએ ખાતા ખોલાવવા પર બ્રેક મારી હોય તેમ જણાય છે.

ડિપોઝીટરી કંપનીઓના ડેટા મુજબ જાન્યુઆરીથી સપ્ટેમ્બરમાં નવા ૨.૧૮ કરોડ ડિમેટ ખાતા ખૂલ્યા હતા, જે ગત વર્ષે આ ગાળામાં ખૂલેલા ૩.૬૧ કરોડ ખાતાની સરખામણીમાં ૧.૪ કરોડનો ઘટાડો દર્શાવે છે.

આ વર્ષે શેરબજારમાં ભારે ઊથલ-પાથલ જોવાઈ છે. તેમાં પણ મિડ કેપ અને સ્મોલ કેપ સ્ટોકસમાં




ભારે ઊતાર-ચઢાવ જોવા મળ્યા છે જેને કારણે રિટેલ રોકાણકારોનો ગત વર્ષનો ઉત્સાહ આ વર્ષે શાંત પડી ગયો છે.

એક મોટા બ્રોકરેજના સીનિયર અધિકારીએ કહ્યું હતું કે માર્કેટ દિશાવિહિન છે અને વળતર પણ સાધારણ બન્યું છે ત્યારે નવા રોકાણકારો માર્કેટમાં પ્રવેશતા ખચકાઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૫માં સરેરાશ માસિક ડિમેટ ખાતાની સંખ્યામાં વધારો ૩૪.૨ લાખ થયો હતો, જે ગત વર્ષે આ ગાળામાં સરેરાશ ૪૦ લાખ હતો. જોકે છેલ્લાં ત્રણ વર્ષથી ડિમેટ ખાતાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તે જોતા આ સંખ્યા પણ ખાસ્સી મજબૂત કહી શકાય.

વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીમાં ડિમેટ ખાતાની સંખ્યા ત્રણ ગણી થઈ ગઈ છે. રિટેલ રોકાણકારોનો રસ સતત વધ્યો છે અને આઈપીઓની ભરમાર સતત વધતા ઈશ્યૂ ભરવા માટે પણ ડિમેટ ખાતા ખૂલી રહ્યા છે. અનેક ઈશ્યૂ હજી પાઈપલાઈનમાં છે ત્યારે ડિસેમ્બર સુધીમાં હજી ખાસ્સા પ્રમાણમાં નવા ડિમેટ ખાતા ખૂલશે તેવો અંદાજ છે.

ઝિરોધાના સ્થાપક અને સીઈઓ નિતિન કામથે તાજેતરમાં સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે ગત વર્ષે ઓક્ટોબરથી તેમણે જે કેટલાક જોખમો ગણાવ્યા હતા તે ધીમે-ધીમે સામે આવી રહ્યા છે જેને કારણે બ્રોકરેજ કંપનીઓની આવક અને નફા પર અસર જોવા મળી રહી છે. જૂન ક્વાર્ટરમાં બ્રોકરેજ કંપનીઓની આવક ૪૦ ટકા ઘટી છે.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની ઉપસ્થિતમાં જોડિયા તાલુકાના બાલંભા ગામે વિકાસ રથનું ઉમળકાભેર સ્વાગત કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના સફળ ૨૪ વર્ષ પૂર્ણ થવાના ગૌરવશાળી અવસરે, ગુજરાતભરમાં વિકાસની ગાથાને જન-જન સુધી પહોંચાડવા માટે વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. પ્રધાનમંત્રીના અવિરત માર્ગદર્શન અને દૂરંદેશી વિઝન હેઠળ ગુજરાતે છેલ્લા બે દાયકાથી વધુ સમયગાળામાં સર્વાંગી વિકાસની હરણફાળ ભરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૭ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન આ વિકાસ યાત્રાને લોકો સુધી પહોંચાડવા વિવિધ જનકલ્યાણના આયોજનો હાથ ધરાયા છે.

આ ઉજવણીના ભાગરૂપે જામનગર જિલ્લામાં પણ જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના નેતૃત્વમાં ૦૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી ગ્રામ્ય પંથકમાં 'વિકાસ રથ' દ્વારા વિવિધ લાભો પહોંચાડવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.જે ઉપક્રમે વિકાસ રથનું આગમન જોડિયા તાલુકાના બાલંભા ગામે થતાં જ જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની ઉપસ્થિતિમાં ગ્રામજનોએ ઉત્સાહભેર વિકાસ રથનું સ્વાગત કર્યું હતું.

ગામમાં આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત, લોકાર્પણ અને જરૂરિયાતમંદ લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ વૃક્ષારોપણ જેવા સામાજિક કાર્યક્રમો પણ યોજાયા હતા.આ અવસરે ઉપસ્થિત લાભાર્થીઓને માતૃ વંદના યોજના, આયુષ્માન કાર્ડ અને અન્ય કલ્યાણકારી યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.ગ્રામજનોએ વિકાસ રથના માધ્યમથી ફિલ્મ નિદર્શન દ્વારા સરકારી યોજનાઓ અને વિકાસની ઝાંખી પણ મેળવી હતી. કાર્યક્રમના અંતે, સૌએ 'વોકલ ફોર લોકલના સંકલ્પ સાથે સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટેની પ્રતિજ્ઞા લીધી હતી.ઉલ્લેખનીય છે કે જામનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પ્રતિદિન જુદા જુદા ૦૩ ગામોમાં આ વિકાસ રથનું આગમન થઈ રહ્યું છે, જે ગ્રામ વિકાસના કાર્યોને વેગ આપીને જનસુખાકારીમાં વધારો કરી રહ્યું છે.

# મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને યુવા રોજગાર અને કૌશલ્ય સશક્તિકરણ સમારંભ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,રાજ્યના કેબિનેટ વન અને પર્યાવરણ મંત્રી તેમજ જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને શહેરના ટાઉનહોલ ખાતે યુવા રોજગાર અને કૌશલ્ય સશક્તિકરણ સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં બહોળી સંખ્યામાં યુવાનોને રોજગાર નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.





પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાએ આ પ્રસંગે યુવાનોને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન.નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તમામ ક્ષેત્રોના વિકાસ માટે નક્કર આયોજન કર્યું હતું. તેમના કાર્યકાળની ૨૪ વર્ષની ઉજવણીના ભાગરૂપે આજે યુવાઓને રોજગારી આપી આત્મનિર્ભર બનાવવાનો આ સુંદર કાર્યક્રમ હાથ ધરાયો છે. મંત્રીએ રોજગારી મેળવનાર યુવાનોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, તેઓ માત્ર નોકરી મેળવનાર નહીં, પરંતુ ભવિષ્યમાં અન્યોને રોજગારી આપતા સક્ષમ ઉદ્યોગસાહસિક બને.તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારનો રોજગાર વિભાગ ઔદ્યોગિક એકમો પાસે જઈને સર્વે કરી કુશળ કારીગરોને રોજગાર મળે તે માટે સક્રિયપણે મહેનત કરે છે. રોજગાર મેળા થકી સરકાર યુવાઓને રોજગારી આપવામાં નિમિત્ત બની રહી છે. વિશેષરૂપે, સરકારે આઈ.ટી.આઈ. માં ખૂબ મોટી ભરતીઓ શરૂ કરી, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું અને સાધનો વસાવી તેને આધુનિક બનાવ્યા. જેના પરિણામે આજે ITIમાં મોટી સંખ્યામાં એડમિશન આવે છે અને કુશળતા મેળવી યુવાઓ સરળતાથી રોજગારી મેળવતા થયા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિકાસની દ્રષ્ટિની સરાહના કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, તેમના નેતૃત્વ હેઠળ દરિયાકાંઠાના તાલુકાઓ, આદિવાસી વિસ્તાર, શહેરી અને ગ્રામીણ વિસ્તાર માટે વિવિધ વિકાસ લક્ષી યોજનાઓ થકી સમગ્ર ગુજરાતનો સંતુલિત વિકાસ થયો. વાઈબ્રન્ટ ગુજરાતના માધ્યમથી ઔદ્યોગિક મૂડી રોકાણ થઈ રહ્યું છે અને દરેક જિલ્લામાં નવા ઉદ્યોગો વિકસી રહ્યા છે, જેના થકી આજે રાજ્યના લાખો લોકોને રોજગારી મળી રહી છે. પ્રવાસન અને કૃષિ જેવા ક્ષેત્રોના વિકાસે પણ સ્થાનિક રોજગારીનું મહત્ત્વનું માધ્યમ પૂરું પાડ્યું છે.આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે યુવાઓને રોજગાર નિમણૂક પત્ર તેમજ ITIના તાલીમાર્થીઓને પ્રોવિઝનલ ઓફર લેટર્સનું વિતરણ કરાયું હતું. સાથે જ, ITIના અપગ્રેડેશન માટે ઔદ્યોગિક એકમો સાથે એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યા હતા.જિલ્લા રોજગાર અધિકારી સરોજ સાંડપાએ શાબ્દિક સ્વાગત વડે સૌને આવકાર્યા હતા, જ્યારે કાર્યક્રમની આભારવિધિ ITIના આચાર્ય જે.આર.શાહે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન. હરીદેવ ગઢવીએ સફળતાપૂર્વક કર્યું હતું.આ કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વ મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, રિવાબા જાડેજા, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, આગેવાન સર્વ ડો. વિનોદભાઈ ભંડેરી,બીનાબેન કોઠારી, આસિસ્ટન્ટ કલેક્ટર અદિતિ વાર્ષ્ને, ગ્રામ્ય પ્રાંત અધિકારી બ્રિજેશ કાલરીયા, આચાર્ય આર.એસ.ત્રિવેદી સહિત બહોળી સંખ્યામાં યુવાઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સોડવદરમાં મારી નાંખવાનાં ઈરાદે માથામાં હથોડી મારી જીવલેણ હુમલો કર્યાનાં ગુન્હામાં આરોપીનાં જામીન મંજુર કરતી ધોરાજી સેશન્સ કોર્ટ

**મુખ્ય સમાચાર, જામકંડોરણા**
**અહેવાલ - રમણીકભાઈ ટોપીયા**

સોડવદર ગામનાં વિજયભાઈ અરવિંદભાઈ સારીખડા વિરૂધ્ધ મધ્યપ્રદેશનાં રાકેશભાઈ તલસિંગભાઈ શિંગાડે જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ જાહેર થયેલ કે, ''ફરીયાદી રાકેશભાઈએ સોડવદર ગામમાં મનસુખભાઈ ટીલવાની ખેતીની જમીન ભાગ્યા તરીકે વાવવા માટે રાખેલ હોય અને ખેતરમાં ચાલવા જેવી નજીવી બાબતમાં તારીખ૨૫/૦૯/૨૦૨૫ નાં રોજ રાત્રીનાં આઠેક વાગ્યે વાળુંપાણી કરીને ફરીયાદી રાકેશભાઈ તથા તેની પત્નિ અને તેની ૭ વર્ષની દિકરી ખેતરની ઓરડીમાં સુતા હતા તે દરમ્યાન રાત્રીનાં દશેક વાગ્યે ફરીયાદી રાકેશભાઈને નિંદર આવી ગયેલ હતી ત્યારે ફરીયાદી રાકેશભાઈને માથાનાં વચ્ચેનાં ભાગે કોઈએ એક ઘા મારેલ જેથી ફરીયાદી એકદમ ગભરાઈ ગયેલ અને ઉભા થઈ ગયેલ અને જોયુ તો બાજુની વાડીવાળા આરોપી વિજયભાઈ અરવિંદભાઈ સારીખડાનાં હાથમાં હથોડી હતી. જે હથોડીનો એક ઘા તેની પત્નિનાં માથામાં મારેલ ફરીયાદી ગભરાઈ જતા ઓરડીમાંથી ખેતરમાં મગફળી વાવેલ તે તરફ દોડવા લાગેલ અને ચકકર આવતા પડી ગયેલ બાદમાં આરોપી વિજયભાઈ ફરીયાદી રાકેશભાઈને તથા તેની પત્નિને મારી નાંખવાનાં ઈરાદે ખેતરમાં મગફળી આવેલ હોય ત્યાં જોઈ જતાં હથોડીનો બીજો ઘા મારેલ બાદમાં દેકારો થતાં ફરીયાદીનો મોટો ભાઈ દિનેશભાઈ તથા તેનાં ભાભી દોડતા આવતા હોય અને દેકારો કરતા આરોપી વિજયભાઈ મોટરસાયકલ લઈને ભાગી ગયેલ અને બાદમાં ફરીયાદી તથા તેની પત્નિએ ઓરડીમાં જઈને જોતા આરોપી વિજયભાઈએ તેની ૭ વર્ષની દિકરીને માથામાં હથોડીનાં બે-ત્રણ ઘા મારેલ હોય માથામાંથી લોહી નિકળતું હોય અને ફરીયાદી તથા તેની પત્નિ અને દિકરીને ધોરાજી સરકારી દવાખાને સારવારમાં લાવેલ અને પ્રાથમીક સારવાર આપી જુનાગઢ રીફર કરેલ અને દિકરીને માથામાં હેમરેજ થયેલની ગંભીર ઈજા હોય રાજકોટ રીફર કરેલ'' તે મતલબની ફરીયાદ તાઃ૨૬/૦૯/૨૦૨૫ નાં રોજ જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં આરોપી વિજયભાઈ વિરૂધ્ધ થયેલ અને આરોપી વિજયભાઈની પોલીસે અટક કરેલી. ત્યારબાદ આરોપી વિજયભાઈ સારીખડા વતી ધોરાજીનાં એડવોકેટ શ્રી સંજયકુમાર પી. વાઢેર દ્વારા એફ.આઈ.આર.નો અભ્યાસ કરી આરોપી વિજયભાઈ સારીખડાને જામીન ઉપર મુક્ત કરવા ધોરાજી સેશન્સ કોર્ટ સમક્ષ અરજી રજુ કરેલ. જે પોલીસ તપાસનાં કાગળો તથા એડવોકેટ શ્રી સંજયકુમાર પી. વાઢેર દ્વારા રજુ કરાયેલ મૌખિક દલીલો ધ્યાને લઈ ધોરાજીનાં મહેરબાન એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એ. એમ. શેખ સાહેબ દ્વારા તાઃ૦૮/૧૦/૨૦૨૫ નાં રોજ રૂા.૨૦૦૦૦/- નાં જામીન તથા જાત મુચરકા ઉપર મુક્ત કરાયેલ છે. આ કામમાં આરોપી વિજયભાઈ અરવિંદભાઈ સારીખડાનાં એડવોકેટ તરીકે ધોરાજીનાં એડવોકેટ સંજયકુમાર પી. વાઢેર રોકાયેલ છે.

# ઉનાના બંદર વિસ્તારમાં સામુહિક દુષ્કર્મના આરોપીઓને ગણતરીની કલાકોમા પકડી પાડતી નવાબંદર મરીન પોલીસ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



આજરોજ ઉનાના નવાબંદર મરીન પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૧૮૬૦૦૩૨૫૦૯૫૦/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૭૦(૧), ૧૭૩(૨) મુજબનો ગુન્હો રજીસ્ટર્ડ થતા આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. એમ.એન.રાણા એ સંભાળેલ અને આ ગુનાના આરોપીઓ સાતેક દિવસ પહેલા ભોગ બનનાર સ્ત્રીબેનને મોટર સાયકલમા બેસાડી અપહરણ કરી કંઇક સુધાડી બેભાન કરી ઘરે લઇ જઇ તેની સાથે સામુહીક દુષ્કર્મ કરી ભાગી ગયેલ હોય જેથી આરોપીઓને પકડી પાડવા નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના માણસોની અલગ અલગ ટીમો બનાવી આરોપીઓના આશ્રય સ્થાને તપાસ કરી તેમજ હુમન સોર્સના આધારે આરોપીનોની બાતમી હકીકત પો. હેડ કોન્સ. પાંચાભાઇ પુંજાભાઇ બાંભણીયા તથા પો.કોન્સ સંદિપસિંહ વલ્લભભાઇ ઝણકાંટ નાઓએ મેળવી નીચે મુજબના આરોપીઓને ગણતરીની કલાકોમા પકડી પાડી ગુના તપાસના કામે રાઉન્ડ અપ કરેલ છે. અને બાકીના આરોપીને પકડવાની કાર્યવાહી ચાલુ છે પકડાયેલ આરોપીઓના નામ (૧) નરેન્દ્ર ઉર્ફે એકમનો કાળીયો દેવચંદભાઈ બારીયા રહે.નવાબંદર, (૨) સંજય ઉર્ફે કબલી ઉર્ફે કબુતર દેવશીભાઇ મજેઠીયા રહે.નવાબંદર મુળ રહે.કાળાપાણ ઝડપી પાડી અને કાયદેસરની કાર્યવાહી કરી છે.

# ફરિયાદ પાછી ખેંચવા વકિલને ખૂનની ધમકી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં પંચવટી સોસાયટી નજીક રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા આધેડને તેઓના જ પાડોશીએ પોલીસ ફરિયાદ પાછી ખેંચી લેવાનું જણાવી લાદીના કટકા વડે ઇજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ હતી. આ બનાવ અંગે વકીલે ફરિયાદ નોંધાવતા પોલીસે પાડોશી શખ્સ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સિટી બી ડિવિઝન પોલીસ મથકેથી આ બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર શહરેમાં પંચવટી ગૌશાળા પાસે આવેલ ભગવતી એપાર્ટમેન્ટના બ્લોક નં.૯માં રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતાં કમલેશભાઈ બિહારીભાઈ પંડ્યા નામના ૪૯ વર્ષિય આધેડ ગઇકાલે સાંજે સાડા સાતેક વાગ્યાના અરસામાં પોતાનું કામ પતાવી ઘરે પરત ફર્યા હતાં.દરમિયાન એપાર્ટમેન્ટમાં જ રહેતા અને પોતાના પાડોશી જીતુભાઈ મનસુખભાઈ વિઠલાણી તેઓના પત્ની સાથે ગાળાગાળી કરતા હતા. જીતુઇભાએ કમલેશભાઈને જોતા જ કહેવા લાગેલ કે તે કેમ મારા વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી છે? તેમ જણાવી તેઓ સાથે પણ ગાળાગાળી કરી હતી.

જેથી કમલેશભાઇએ ગાળાગાળી કરવાની ના પાડતાં જીતુભાઇએ ઉશ્કેરાય જઇને જમીન ઉપર પડેલ લાદીના કટકો લઇ કમલેશભાઇને વાસાના ભાગે ફટકાવી ઇજા પહોંચાડી ફરિયાદ પાછી નહીં ખેંચી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ બનાવ અંગે વીલ કમલેશભાઈ પંડ્યા દ્વારા જીતુભાઈ વિઠલાણી સામે સીટી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી જીતુભાઇ સામે બીએનએસ ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબ ગુન્હો નોંધી ઝડપી લેવા આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગર આગામી તા.૨૯ના તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ' ની રાજય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ 'તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ' દર માસે યોજવાનું સૂચન કર્યું છે.જે અનુસાર જામનગર 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' આગામી તા.૨૯-૧૦-૨૦૨૫ ના રોજ સવારના ૧૧ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી જિલ્લા વિકાસ અધિકારી.જામનગરના અધ્યક્ષસ્થાને મામલતદાર, જામનગર શહેરના મીટિંગ હોલમાં યોજવામાં આવશે.તેથી આગામી તા.૧૦-૧૦-૨૦૨૫ સુધીમાં અરજદારોએ તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમની અરજી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ,જામનગરને મોકલી દેવાની રહેશે.

તાલુકા કક્ષાનો પ્રશ્ન હોત તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલ હોવી જોઈએ અને તે અરજીની તારીખે અનિર્ણિત હોવી જોઈએ.આ કાર્યક્રમમાં રજુ થતા પ્રશ્નો તાલુકા કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નો હોવા જોઈએ. કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે.આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆતો નહીં કરી શકે. તેમ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં નવનિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ઓવરબ્રિજની કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાએ જામનગર ખાતે રૂ.૨૨૬ કરોડના ખર્ચે નવનિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ઓવરબ્રિજની મુલાકાત લીધી હતી. તેમણે બ્રિજના નિર્માણની પ્રગતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી કામગીરીની સંપૂર્ણ સમીક્ષા કરી હતી.શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરનાર આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટની મુલાકાત દરમિયાન, મંત્રીએ મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ પાસેથી બાંધકામની તકનીકી અને વહીવટી વિગતો મેળવી હતી.આ અવસરે મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી,નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા,અને સીટી એન્જિનિયર ભાવેશ જાની સહિતના મહાનગરપાલિકાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મંત્રીને બ્રિજની વ્યવસ્થા અને ગુણવત્તા અંગેની વિગતવાર માહિતી આપી હતી.

# આઈ શ્રી ખોડીયાર ગરબી મંડળ દ્વારા લાણી વિતરણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**



ધોરાજી શહેરના રામપરા ખાતે આવેલા ખોડીયાર ગરબી મંડળ દ્વારા આમંત્રણ ને માન આપી ને ધોરાજી પોલીસ સ્ટેશન સ્ટાફ તેમજ નગરપાલિકા ધોરાજીના સદસ્ય ઉપસ્થિત રહ્યા હતા અને લાણીવિતરણ કરવામાં આવી હતી તેને દાતાઓ દ્વારા વિવિધ લાણીઓ ખોડીયાર ગરબી મંડળને આપી હતી ગરબી મંડળના પ્રમુખ ભીમજીભાઈ ગાંગડીયા દ્વારા તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભાયાવદર શહેરમાં વિવિધ વિસ્તારની બહેનો ત્રીજા દિવસે પાલિકા કચેરીએ રજૂઆત કરવા પહોંચી

**મુખ્ય સમાચાર, ભાયાવદર**



રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામ ખાતે બુધવાર ના રોજ વોર્ડ ૪ ની બહેનો જે મોડીયા સેરી જાવિયા સેરી ની બહેનો જે વોર્ડ પ્રમુખ નો જ વોર્ડ છે અને તેના ઘરની આસપાસ રહેતી બહેનો દ્વારા નગર પાલીકા એ હલાબોલ કારણ કે ઘણા સમય થી આ બહેનો ના કહેવા મુજબ જે પીવાનુ પાણી આવે છે તે પાણી મા ગટર નુ પાણી ભળી ગયેલ હોવાના કારણે પીવાનુ પાણી ગંદુ અને વાસ મારે છે નગર પાલીકા નુ પાણી ખુબ વાસ મારે તેવુ આવવાના કારણે જન આરોગ્ય પર ગંભીર બીમારી નો ખતરો હોય જેથી નગર પાલીકા ના સતાધીસો ને આ બાબત ની જાણ કરેલ હોવા છતા નીભર તંત્ર કાય કરતુ નથી જેથી આક્રોસ ભેર નગર પાલીકા કચેરી એ ઉગ્ર રજૂઆત કરવા જાય છીએ પરંતુ નગર પાલીકા ના સતાધીસો ગાયબ થય જાય છે જો ટુક સમય મા અમારો પ્રશ્ન નો ઉકેલ નહી આવે તો અમારે રણચંડી નુ રૂપ ધારણ કરી ને ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડસે આ નગરપાલિકા ના સતાધીસો ના કારણે આજે શહેર ની જનતા તાહીમામ ત્યાંની સ્થાનિક મહિલાઓ દ્વારા જણાવવામાં આવેલ.

# સિદ્ધિ વિનાયક પાર્કમાં છોકરાઓને શેરીમાં ક્રિકેટ રમવાની ના પાડતા વૃદ્ધને વાલીની મારી નાખવાની ધમકી

## બેટ મારવા દોડેલા શખ્સ સહિત ત્રણ વિરુદ્ધ નોંધાતો ગુનો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગ રોડ અયોધ્યા ચોક સિદ્ધિ વિનાયક પાર્ક બ્લોક નમ્બર ૨૮માં રહેતા અને નિવૃત જીવન જીવતા પ્રવિણભાઈ જયંતીભાઈ નાગ્રેચા (લહાણા) (ઉ.વ.૬૧) ને સોસાયટીમાં છોકરાઓ ક્રિકેટ રમતા હોય તેમને રમવાની ના પાડતા તેમના વાલીઓ અમરજીત કમલભાઈ માન, તેમના પત્ની અને સિદ્ધાર્થ મનોજ રાણાએ બેફામ ગાળો આપી ધમકી આપતા ફરિયાદ નોંધાવી હતી.

પ્રવીણભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૫/૧૦ના રોજ સાજના હું મારા ઘરે હાજર હતો ત્યારે મારા ઘર પાસે પાડોશીના બાળકો ક્રિકેટ રમતા હોય જેના દડા કમ્પાઉન્ડમાં આવતાં હોય અને મારા ઘરમાં નુકશાન કરતાં હોય જે બાબતે અગાઉ પણ આ બાળકોના માતા પિતાને સમજાવેલ કે તમારા બાળકોને કહો મારા ઘર પાસે ક્રિકેટ ન રમે અને આ દિવસે પણ આવુ જ બનેલ હોય જેથી મેં ઘરની બહાર નીકળી જોતાં અને આ છોકરાવના વાલીઓને કહેવા ગયેલ તો અમરજીત કમલભાઈ માન તેની પાસે ક્રિકેટ રમવાનુ બેટ હોય તે લઈને મને મારવા દોડેલ અને ત્યારે તેની સાથે મારા ઘરની સામે રહેતા સિધ્ધાર્થ મનોજભાઈ રાણા પણ મને બેટ લઈને મારવા દોડેલ હતાં. આ બંને બેફામ મને ગાળો બોલી કહેવા લાગેલા કે અમારા છોકરાઓને ક્રિકેટ કેમ રમવા નથી દેતા તમારે અહીં રહેવુ હોય તો છોકરાવને રમવા દેવા જોઈશે અને જો રમવા ન હીં દીયો તો અહીં સોસાયટીમાં રહેવા નહીં દઈએ આ દરમ્યાન અમરજીતના પત્નિ પણ આવી ગયેલા અને તે પણ ગાળો દેવા લાગેલ અને આ લોકો મને કહેલ કે હવે તું બહાર નીકળીશ તો તને જીવતો નહીં રહેવા દઈ તને જા નથી મારી નાખીશ તેમ ધમકી આપેલ જેથી હું ઘબરાઈ જતા પોલીસ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગોંડલના વેજા ગામે વૃધ્ધા અને તેની ભત્રીજા વહુને મારમારી ધમકી આપી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

તાલુકાના વેજા ગામે ઘર પાસે કરિયાણાની દુકાન ધરાવનાર વૃદ્ધાને ગામમાં જ રહેતા શખ્સે વગર વાકે ગાળો આપી તેમને મારવા દોડતા વૃદ્ધાને ઈજા પહોંચી હતી. વૃદ્ધાને બચાવવા વચ્ચે પડેલી તેમની ભત્રીજા વહુને પણ ઈજા પહોંચી હતી. આ અંગે વૃદ્ધાએ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની વિગત મુજબ વેજા ગામે રહેતા મંગળાબેન મનજીભાઈ પરમાર (ઉ.વ ૬૦) નામના વૃદ્ધાએ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં તેમના ગામમાં રહેતા બાલો રાઘવભાઈ મહિડાનું નામ આપ્યું છે. વૃદ્ધાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ અહીં પતિ સાથે રહે છે અને ઘરની બાજુમાં કરિયાણાની દુકાન ચલાવી વી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગઈકાલ રાત્રિના સાડા આઠેક વાગ્યે તેઓ કરિયાણાની દુકાને હતા ત્યારે બાલો મહિડા અહીં આવ્યો હતો અને કોઈપણ કારણ વગર ગાળો આપવા લાગ્યો હતો. જેથી વૃદ્ધાએ ગાળો આપવાની ના કહી અહીંથી જતા રહેવાનું કહેતા તે વધુ ઉશ્કેરાયો હતો. દરમિયાન લોકો ભેગા થતા બાલાએ કહ્યું હતું કે તને તો જાનથી મારી નાખીશ તેમ કહી મારવા દોડતા વૃદ્ધાને અંગૂઠામાં ઈજા થઈ હતી. દરમિયાન તેમની ભત્રીજાવહુ રીનાબેન પરેશભાઈ પરમાર બચાવવા માટે આવતા તેને પણ બાલાએ માર મારતા ખંભાના ભાગે ઈજા પહોંચી હતી. દરમિયાન વૃદ્ધાના પરિવારજનો અને શેરીના લોકો એકત્ર થઈ જતા બાલો મહિડા અહીંથી ભાગી ગયો હતો. વૃદ્ધાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, બાલો મહિડા અવારનવાર તેમની શેરીમાં આવી માથાકૂટ ઝઘડો કરતો હોય પણ રાત્રે અહીં આવી ઝઘડો કરતા તેને અહીંથી જતા રહેવાનું કહેતા ઉશ્કેરાય મારમારી ધમકી આપી હતી. જે અંગે વૃદ્ધાની ફરિયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ઉનામાં ૩ દિવસથી ગુમ માછીમારનો મૃતદેહ દીવથી મળ્યો

**મુખ્ય સમાચાર, ઉના**



ઉના તાલુકાના નાંદણ ગામના ગુમ થયેલા માછીમાર ભીખા રામભાઈ વાજાનો મૃતદેહ દીવ નજીક દરિયામાંથી મળી આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી ગુમ થયેલા ભીખાભાઈની લાશ ગત રાત્રિના લગભગ ૧૨ વાગ્યા આસપાસ ૬ નોટિકલ માઈલ દૂર દરિયામાંથી મળી હતી. મૃતદેહને દીવના થોથલા જેટી પર લાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેને સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. પોલીસ કાર્યવાહી અને પોસ્ટમોર્ટમ પૂર્ણ થયા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવશે. ભીખા રામભાઈ વાજા દીવના પોઘલા બંદરની બોટમાં માછીમારી માટે દરિયામાં ગયા હતા. ત્રણ દિવસ પહેલા તેઓ બોટમાંથી દરિયામાં પડી ગયા હોવાના સમાચાર મળ્યા હતા. બોટના અન્ય સાથીઓ દ્વારા તેમની શોધખોળ કરવામાં આવી રહી હતી. ભીખાભાઈના મૃત્યુના સમાચારથી સમગ્ર ગામ અને પરિવારમાં શોક છવાઈ ગયો છે. આ પરિવાર માટે આ ત્રીજી દુર્ઘટના છે, કારણ કે ભીખાભાઈના બે ભાઈઓનું પણ અગાઉ વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૬માં દરિયામાં પડી જવાથી મોત નીપજ્યું હતું. ત્રીજા દીકરાના નિધનથી તેમના વૃદ્ધ પિતા ભાંગી પડયા છે અને ભીખાભાઈના બે દીકરા અને તેમની માતા પણ શોકમાં ગરકાવ થઈ ગયા હતા.

# મનપા દ્વારા તા.૧૬થી તા.૨૦ દરમ્યાન દિવાળી ઉત્સવની થશે ભવ્ય ઉજવણી





### સ્વચ્છ- હરિયાળુ- રંગીલુ રાજકોટ થીમ ઉપર આયોજન કિશાનપરા ચોક ખાતે લેસર શો- એન્ટ્રી ગેઈટ આકર્ષણ જમાવશેઃ રંગોળી સ્પર્ધા, આતશબાજી યોજાશેઃ બહુમાળી ચોક ખાતે મ્યુઝીકલ બેન્ડ બે દિવસ ધુમ મચાવશેઃ દિવાળી ઉત્સવ અંતર્ગત રેસકોર્ષ ખાતે આયોજીત કાર્યક્રમોની સ્થળ મુલાકાત કરતાં મનપાના પદાધિકારીઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રંગીલુ રાજકોટ શહેર તેના ઝડપી વિકાસની સાથોસાથ સાંસ્કળતિક પ્રવળત્તિઓ માટે પણ એટલું જ વિખ્યાત છે. જુદા જુદા પ્રસંગોએ યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોએ રાજકોટ શહેરને ખાસ ઓળખ પ્રદાન કરી છે. એમાં પણ જ્યારે દિવાળી જેવો સૌનો મનપસંદ એવો દિવ્ય તહેવાર આવે ત્યારે રાજકોટની રોનક દીપી ઉઠે છે. વધુ એક વખત દિવાળીના તહેવારને યાદગાર બનાવવા અને નાગરિકોમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉના વર્ષોની માફક આ વર્ષે પણ તા.૧૬ ઓકટોબરથી તા.૨૦ઓકટોબર દરમ્યાન રેસકોર્સ રિંગ રોડ ખાતે સ્વચ્છ-હરિયાળું-રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં, એન્ટ્રી ગેઈટ, આકર્ષક થીમ બેઈઝ લાઈટીંગ ડેકોરેશન, ભવ્ય આતશબાજી, રંગોળી સ્પર્ધા, લેસર શો સહિતના વિશેષ આકર્ષણોનો ઉમેરો કરવામાં આવશે. તેમ મહાનગરપાલિકાના મેયર મતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ એક સંયુક્ત યાદીમાં જણાવેલ છે.

રંગીલું રાજકોટ દરેક ઉત્સવ અને અન્ય અવસરની ઉત્સાહપૂર્વક ઉજવણી માટે ખુબ જ જાણીતું છે. મકરસંક્રાંતિ, ધુળેટી, જન્માષ્ટમી, ગણપતિ ઉત્સવ, નવરાત્રિ કે પછી દિવાળી જેવા આપણા મહાપર્વ હોય કે પછી સામાજિક કે સાંસ્કળતિક પ્રસંગ હોય, રાજકોટવાસીઓનો તહેવારોની ઉજવણી પ્રત્યેનો પ્રેમ અને ઉત્સાહ ખરેખર નોંધપાત્ર બની રહે છે. આ જ કારણ રાજકોટને રંગીલું અને અન્ય શહેરો કરતા અલગ બનાવે છે, તેમ જણાવી સ્વચ્છ-હરિયાળું-રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અનુસંધાને યોજાનાર કાર્યક્રમો અંગે વિસ્તળત વિગતો આપતા તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા દ્વારા મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ-ચિત્રનગરીના સહયોગથી તા.૧૭, શુક્રવારના રેસકોર્ષ ખાતે ભવ્ય રંગોળી સ્પર્ધા યોજાશે.

રંગોળી સ્પર્ધા (૧) ગ્રુપ રંગોળી ૫ હ ૧૫ સાઈઝની ૨૫ રંગોળી (૨) વ્યક્તિગત રંગોળી ૫ × ૫ સાઈઝની ૫૦૦ રંગોળી થશે

આ રંગોળી સ્પર્ધામાં ગ્રુપ રંગોળીમાં પ્રથમ ત્રણ વિજેતાને રૂપિયા ૫,૦૦૦ નું અને વ્યક્તિગત સ્પર્ધામાં પ્રથમ ૧૧ વિજેતાને રૂપિયા ૫૦૦૦ નું પુરસ્કાર આપવામાં આવશે. જ્યારે ૫૧ રંગોળીના કલાકારોને રૂપિયા ૧૦૦૦ આસ્વાસન ઈનામ તરીકે આપવામાં આવશે. ત્રણ લકી વિજેતાને રૂપિયા પાંચ હજારની ફટાકડાની કીટ ગિફ્?ટમાં આપવામાં આવશે. વ્યક્તિગત રંગોળી માટે મો.૯૨૨૮૦૯૦૮૯૫ ઉપર તથા ગ્રુપ રંગોળી માટે મો.૯૬૨૪૦૨૫૮૦૮ પર માત્ર વોટ્સએપ મેસેજ દ્વારા રજિસ્ટ્રેશન કરાવી શકાશે. રજિસ્ટ્રેશન માટે તમારું પૂરું નામ, શહેરનું નામ અને ઉંમર લખીને મોકલવી. ગ્રુપ રંગોળીમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકે પોતે કરેલી બેસ્ટ ૫ રંગોળીના સેમ્પલ મોકલવાના રહેશે.

દિવાળી ઉત્સવની હાઈલાઈટસઃ તા.૧૬ ના રોજ સાંજે ૦૫૦૦ વાગ્યે આર.એમ.સી.પ્લોટ, આમ્રપાલી અન્ડરબ્રિજ પાસે, કિશાનપરા ચોક, રેસકોર્ષ ખાતે સ્વચ્છ-હરિયાળું-રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનો શુભારંભ સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે થશે.

તા.૧૭ ના રોજ રેસકોર્ષ રિંગ રોડ ખાતે રંગોળી સ્પર્ધા અંતર્ગત સ્પર્ધકો બપોરે ૦૪૦૦ કલાકથી રંગોળી તૈયાર કરશે.

સ્પર્ધકો દ્વારા તૈયાર કરવામાં આવેલ રંગોળી તા.૧૮ થી તા.૨૦ ઓકટોબરના સાંજે શહેરીજનો નિહાળી શકશે. તા.૧૮ઓકટોબર ના રોજ રાત્રે ૭૦૦ કલાકે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્સ ખાતે ભવ્ય આતશબાજી યોજાશે.

તા.૧૯ ઓકટોબર અને તા.૨૦ઓકટોબર ના બહુમાળીભવન ચોક ખાતે મ્યુઝિકલ બેન્ડ યોજાશે.રેસકોર્સ રિંગ રોડ ફરતે તા.૧૬ઓકટોબર થી તા.૨૦ઓકટોબર સુધી આકર્ષક થીમ બેઈઝ લાઈટિંગ ડેકોરેશન કરવામાં આવશે. રેસકોર્સ રિંગ રોડ ખાતે એન્ટ્રી ગેઈટ અને લેસર શો આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

### દિવાળી તહેવાર અનુસંધાને ફટાકડા સ્ટોલ માટેની હરરાજી યોજાઈ

દિવાળીના તહેવારોના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૭–૧૦–૨૦૨૫ના રોજ ફટાકડા સ્ટોલ માટેની જાહેર હરરાજી યોજવામાં આવેલ હતી. જેમાં આઠ સ્થળ ખાતે ફટાકડાનાં સ્ટોલ આપવા માટે હરરાજી યોજાઈ (૧) પૂજ્ય પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ પાસેના ગ્રાઉન્ડ ખાતે ૪ સ્ટોલ, (૨) નાનામવા સર્કલ ખાતે ૪ સ્ટોલ, (૩) અમીન માર્ગ કોર્નર ખાતે ૫ સ્ટોલ, (૪) રાજ પેલેસ સામેના ગ્રાઉન્ડ ખાતે ૮ સ્ટોલ, (૫) સુવર્ણ ભૂમિ પાસેના ગ્રાઉન્ડ ખાતે ૫ સ્ટોલ, (૬) સાધુવાસવાણી માર્કેટ સામેના ગ્રાઉન્ડ ખાતે ૧ સ્ટોલ, (૭) રાજનગર મેઈન રોડ, ધરતી હોન્ડાના શો રૂમ સામેના ગ્રાઉન્ડ ખાતે ૧ સ્ટોલની હરરાજી યોજાઈ હતી. તમામ સ્થળ ખાતેનાં કુલ–૨૮ સ્ટોલ ભાડે અપાયેલ છે. હરરાજીમાં કુલ–૮૨ વ્યક્તિઓએ ભાગ લીધેલ હતો. આ કામે રાજકોટ મહાનગરપાલિકાને અંદાજીત રૂ.૪૪.૩૨ લાખ જેટલી આવક થશે. આ તમામ સ્ટોલ ૧૫૩૦નાં રહેશે અને તા.૧૧ થી તા.૨૦ ઓક્ટોબર (દસ દિવસ) સુધી ભાડે આપવામાં આવશે. ગયા વર્ષે દિવાળી ફટાકડા સ્ટોલની હરરાજીમાં કુલ–૩૫ સ્ટોલની હરરાજી કરવામાં આવેલ, જેમાં ૨૨ સ્ટોલનો ભાવ બોલવામાં આવેલ અને રાજકોટ મહાનગરપાલિકાને અંદાજિત રૂ.૫.૬૨ લાખની આવક થઇ હતી.

## વિકાસ સપ્તાહના પ્રથમ દિવસે જ રાજકોટ જિલ્લાના બે ગામને મળી રૂ. ૪૩.૭૫ લાખના વિકાસકાર્યોની ભેટ



### ૧૦૦૦ જેટલા લોકોએ ભારત વિકાસ પ્રતિજ્ઞામાં જોડાઈ દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવા સંકલ્પ લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર રાજ્યની સાથે રાજકોટ જિલ્લામાં વિકાસ સપ્તાહ-૨૦૨૫ની ઉમંગભેર ઉજવણી થઈ છે, વિકાસ રથ ગામડે ગામડે જઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં રાજ્યમાં થયેલા સ્વર્ણિમ વિકાસની સિદ્ધિઓની ગાથા છેવાડાના લોકો સુધી પહોંચાડી રહ્યો છે. આ સાથે સેવાસેતુ કાર્યક્રમથી લાભાન્વિત નાગરિકો સરકાર ઘર-આંગણે પધાર્યાનો અહેસાસ કરી રહ્યા છે, ત્યારે રાજકોટ જિલ્લામાં ગતરોજ વિકાસ સપ્તાહના પ્રથમ દિવસે જ બે ગામને રૂપિયા ૪૩.૭૫ લાખના વિકાસકાર્યોની ભેટ મળી છે.

ગત રોજ વિકાસ સપ્તાહના પ્રથમ દિવસે વિકાસ રથ સરધાર ગામે પહોંચ્યો હતો. અહીં બાલિકાઓના હસ્તે રથના ઉમંગથી વધામણા કરવામાં આવ્યા હતા. આ અવસરે ગામમાં રૂપિયા ૩૦ લાખના ખર્ચે થયેલા વિવિધ છ જેટલા વિકાસકામોના લોકાર્પણ કરીને ગામલોકોને જાણે આગોતરી દિવાળી ભેટ આપવામાં આવી હતી. આ તકે ૨૫૦થી વધુ ગ્રામજનો ભારત વિકાસ પ્રતિજ્ઞામાં જોડાયા હતા.

ત્યારબાદ સણોસરા ગામમાં વિકાસરથ પહોંચ્યો ત્યારે મોટી સંખ્યામાં લોકો જોવા ઉમટ્યા હતા. આ ગામમાં રૂ. ૧૩.૭૫ લાખના ખર્ચે થયેલા ૧૩ જેટલા વિકાસકામોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા. ગામમાં ૫૦૦થી વધુ લોકો ભારત વિકાસ પ્રતિજ્ઞામાં જોડાઈને દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત કરવા પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા.

જ્યારે કસ્તુરબા ધામ ત્રંબામાં વિકાસ રથના આગમન સમયે ગ્રામજનોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. અહીં સેવાસેતુનો મોટી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો. જ્યારે ૨૫૦ જેટલા લોકોએ દેશને વિકસિત બનાવવા ભારત વિકાસ પ્રતિજ્ઞા ગ્રહણ કરી હતી.

## રાજકોટ સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે આત્મનિર્ભર ગુજરાત ઔદ્યોગિક નીતિ અંગેનો સેમિનાર યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતાં, તેને ૦૭ ઓક્ટોબરના રોજ ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. ૨૪ વર્ષની સંકલ્પ સિદ્ધિની આ ગાથા જન-જનમાં ઉજાગર કરવા માટે તા. ૦૭ ઓક્ટોબરથી તા. ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

રાજકોટ સરકારી એન્જિનિયરિંગ કોલેજ દ્વારા આત્મનિર્ભર ગુજરાત ઔદ્યોગિક નીતિ - ૨૦૨૨ અને ડ્રોન ટેકનોલોજીની જાગૃતિ ફેલાવવા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રૂડા નાયબ કલેક્ટર સિદ્ધાર્થભાઈ ગઢવીની ઉપસ્થિતિમાં ઉદ્યોગ અધિકારી જે. જી. ફળદુ નિષ્ણાત અને ગર્વિતભાઈ પંડ્યાએ ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત સરકારની પોલીસી તેમજ કુટીર અને ગૃહ ઉદ્યોગની યોજનાઓ સંબંધિત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે ઉપસ્થિતોએ 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' લઈને દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

## કેદીઓમાં યોગના માધ્યમથી સકારાત્મક પરિવર્તન અને મેદસ્વિતા મુક્તિ લાવવાનો પ્રયાસ

### ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતે નિશુલ્ક યોગ શિબિરનો પ્રારંભ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતે ગત તા. ૦૨ ઓક્ટોબરથી બંદીવાનો માટે નિશુલ્ક યોગ શિબિરનો પ્રારંભ થયો છે. ગાંધી જયંતીથી શરૂ થયેલી આ શિબિર આગામી તા. ૩૧ ઓક્ટોબર સુધી ચાલશે. જેમાં યોગ બોર્ડના પ્રશિક્ષિત યોગ ટ્રેનર્સ દ્વારા દરરોજ સાધકોને ધ્યાન, પ્રાણાયામ, યોગાસનો અને સૂર્ય નમસ્કાર કરાવવામાં આવે છે. સાથેસાથે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાનને સાર્થક કરવાના હેતુસર સ્થૂળતાને દૂર કરવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

ઈસ્ટ ઝોન કો-ઓર્ડીનેટર મીતાબેન તેરૈયાએ જણાવ્યું હતું કે, જેલના કેદીઓ અને સ્ટાફની માનસિક તથા શારીરિક સ્વાસ્થ્યની સ્થિતિ સુદ્રઢ બને તથા કેદી જેલમાંથી બહાર આવી સારા નાગરિક તરીકે જીવન જીવે, તેવા આશયથી આ યોગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો આશરે ૧૫૦ કેદીઓ લાભ લઈ રહ્યાં છે. આમ, રાજ્ય યોગ બોર્ડ દ્વારા કેદીઓમાં યોગના માધ્યમથી સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## પોલીસ કમિશનર કચેરી પાસે પાનના ધંધાર્થીનો ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ

### પાડોશી કરિયાણાના વેપારીના ત્રાસથી પગલું ભર્યાનો યુવકનો આક્ષેપ; વીડિયો વાયરલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની પોલીસ કમિશનર કચેરી પાસે યુવાને ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. યુવાનને તાત્કાલીક હોસ્પિટલે ખસેડાયો હતો. ખોડીયારપરામાં રહેતો યુવાન પાનની દુકાન ચલાવતો હોય અને નજીકમાં આવેલી કરિયાણાની દુકાનવાળા હેરાન કરતા હોય જેથી આ પગલું ભર્યાનો આક્ષેપ કરવામાં - આવ્યો છે.

જાણવા મળતી વિગત મુજબ ગોંડલ રોડ ખોડીયારપરા આરઝુ પાન નામની દૂકાન પાસે રહેતા ઈલ્યાસભાઈ દાદુભાઈ ધુધા (ઉ.વ.૩૩) નામના યુવાને પોલીસ કમિશનર કચરી પાસે

ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સિવિલ હોસ્પિટલમા ખસેડાતા પ્ર.નગર પોલીસને જાણ કરવામા આવી હતી. ઈલ્યાસભાઈ પાનની દુકાન ચલાવે છે અને તેણે આક્ષેપ કર્યો છે કે તેની દુકાન નજીકમાં કરીયાણાવાળાની દૂકાન છે. એ લોકો ઘણા સમયથી હેરાન કરેછે. આ અંગે પોતે અવાર-નવાર રજૂઆત કરે છે પણ કાર્યવાહી થતી ન હોઈ આ પગલુ ભર્યું હતું. તેણે ફિનાઈલ પીતાં પહેલા એક વિડિયો પણ બનાવ્યો હતો. જેમા પાછળ ડો.બાબાસાહેબ આબેડકરજીની પ્રતિમા જોવા મળી રહ્ય છે. ખરેખર યુવાને કઈ જગ્યાએ આ પગલુ ભર્યું? તે અંગે વધુ તપાસ થઈ રહી છે.

## શહેરના વોર્ડ નં.૧૧માં નવો કોમ્યુનીટી હોલ બનશેઃ વોર્ડ નં.૧૨માં નવુ ફાયર સ્ટેશન આકાર લેશે

### જામનગર રોડ પર સફાઇ કામદાર માટે નવા કોમ્યુનીટી હોલનું નિર્માણ થાશેઃ અટલ સ્માર્ટ સીટી વિસ્તારમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનશેઃ આવતીકાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકાની જમ્બો સ્ટે. કમિટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળશે જેમાં ૮૪ દરખાસ્તો રજૂ કરાઇ છે. આ અંતર્ગત કરોડોના વિકાસ કામોને દિવાળી



પહેલા લીલીઝંડી અપાશે. ખાસ કરીને શહેરના વોર્ડ નં.૧૧માં નવો કોમ્યુનીટી હોલ, વોર્ડ નં.૧૨માં નવું ફાયર સ્ટેશન, જામનગર રોડ પર સફાઇ કામદારો માટે નવા કોમ્યુનીટી હોલનું નિર્માણ તેમજ અટલ સ્માર્ટ સીટી વિસ્તારમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાની દરખાસ્તને સ્ટે. કમિટી મંજૂરી આપશે.

## ઉના નજીક નવાબંદરમાં ૫૦ વર્ષીય મહિલા પર સામૂહિક દુષ્કર્મ

### ૩ અજાણ્યા શખસે પીંખી નાખતાં નાજુક હાલતે જૂનાગઢ રીફર કરાયાં; ૨ આરોપીઓની દરિયામાંથી ધરપકડ



**મુખ્ય સમાચાર, ઉના**

ઉના નજીક આવેલા કોસ્ટલ દરિયાકિનારે એક આધેડ મહિલા પર ત્રણથી વધુ શખસ દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. નરાધમોએ મહિલાના ગુપ્ત ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે તેમની તબિયત લથડી હતી. હાલ મહિલાની હાલત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર માટે જૂનાગઢ ખસેડવામાં આવ્યા છે. આ ઘટાનામાં ફરાર થયેલા બે આરોપીઓની પોલીસે દરિયામાં જઈને ધરપકડ કરી છે. ત્રીજા આરોપીની પણ શોધખોલ શરૂ છે પોલીસસૂત્રો પાસેથી મળતી માહિ-તી મુજબ, આ ઘટના ત્રણ દિવસ પહેલાં કોસ્ટલ દરિયાકાંઠાના એક ગામમાં બની હતી. આ દુષ્કર્મના બનાવમાં બન્ને આરોપી આરોપી નરેન્દ્ર ઉર્ફે એકમનો કાળિયો દેવચંદ બારીયા અને સંજય ઉર્ફે કબલી ઉર્ફે કબૂતર દેવશીભાઈ મજેઠીયાએ ભોગ બનનાર આધેડ મહિલાને બાઈક પર બેસાડી અપહરણ કરી કંઈક સૂંઘાડીને બેભાન કરી નાખી હતી. ત્યારબાદ આરોપીઓએ ઘરે લઈ જઈ સામૂહિક દુષ્કર્મ આચરી ફરાર થઇ ગયા હતા. ગંભીર ઈજાઓ અને પીડા સાથે મહિલા ત્રણ દિવસ સુધી પોતાના નિવાસસ્થાને પડી રહ્યાં હતાં. તેમની તબિયત વધુ લથડતાં તેમણે દ્વારકામાં ફિશિંગ કરતા એક યુવકને જાણ કરી હતી, જેની સાથે તેમને છેલ્લાં સાત વર્ષથી સંબંધ હતા. યુવક તાત્કાલિક દોડી આવ્યો હતો અને મહિલાને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યાં હતાં. ફરજ પરના તબીબે આ અંગે પોલીસને જાણ કરતાં પીઆઈ. મહેન્દ્રસિંહ રાણા અને મરીન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચ્યો હતો.

દરમિયાન ઉના હોસ્પિટલના ડોક્ટર દ્વારા પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી. જેને પગલે ભોગ બનનાર મહિલાનું નિવેદન લેવા માટે ઉનાના નાયબ મામલતદાર પહોંચ્યા હતા. તેમણે પીડિતાનું નિવેદન લીધું હતું. દુષ્કર્મ બાદ નરાધમો ફરાર થઈ ગયા હતા. આરોપી નવાબંદરના કાંતિભાઈ અરજણભાઈ વાજાની બોટમાં માછીમારી કરવાના બહાને દરિયામાં ફરાર થઈ ગયા હતા. પોલીસે બોટ માલિક સાથે વાત કરી અને બોટમાં વાયરલેસ મેસેજ કરી બોટને પરત કાંઠે બોલાવાની સૂચના આપી હતી.

રાત્રે પોલીસે દરિયામાં જઈને ૨ આરોપીઓ નરેન્દ્ર ઉર્ફે એકમનો કાળિયો દેવચંદ બારીયા રહેવાસી નવાબંદર અને સંજય ઉર્ફે કબલી ઉર્ફે કબૂતર દેવશીભાઈ મજેઠીયા રહેવાસી નવાબંદર મૂળ રહેવાસી કાળાપાણ ની ધરપકડ કરી છે. ત્રીજાની શોધખોળ શરૂ છે.

## બે વર્ષ પૂર્વે સોની વેપારીનું ૩૫ લાખનું સોનું ઓળવી જનાર શખ્સ ઝડપાયો

### સાયબર ક્રાઈમની ટીમે બંગાળી શખ્સને ઝડપી ગુનાનો ભેદ ઉકેલ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોની બઝારના સોની વેપારી નું ૩૫ લાખનું સોનું ઓળવી જનાર બંગાળી શખ્સ બે વર્ષ બાદ રાજકોટ સાયબર ક્રાઈમની ટીમે ઝડપી લઈએ-ડીવીઝન પોલીસ હવાલે કર્યો હતો. શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, સાયબર ક્રાઈમના ઈન્ચાર્જ એસીપીસી.એમ.પટેલ દ્વારા રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનના નાસતા ફરતા આરોપીઓને ટેકનીકલ સોર્સ આધારે શોધખોળ કરી પકડી પાડવા સુચના આપેલ હોય.જે અન્વયે પોલીસ ઈન્સપેક્ટર જે.એમ.કૈલા, કે.પી.પટેલ તથા એન.એચ.નિમાવત ના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમની સાયબર સેન્ટીનલ લેબની ટીમના ટેકનિકલ એનાલીસીસ તેમજ હ્યુમન સોર્સની હકીકત આધારે રાજકોટ બે વર્ષ પૂર્વે સોની વેપારી સાથે ૩૫ લાખની છેતરપીંડીમાં વોન્ટેડ મુળ વેસ્ટ બંગાળના હુગલીના બેનીયાજલો નરેન્દ્રચક ગામના વતની અને રાજકોટમાં ભગવતી પરામાં રહેતા ગૌરાંગ મંડલ સદાનંદ મંડલ (ઉ.વ.૩૨૦ને ઝડપી લઈ એ-ડીવીઝન પોલીસ હવાલે કર્યો હતો.

સોની વેપારીને ગૌરાંગ મંડલને સોનાનુ મજુરી કામ કરતો હોય જેથી સોનાના દાગીના બનાવવા કટકે ૪૭૯૧.૫૬ ગ્રામ સોનું આપેલ જે પૈકી ૪૨૩૦.૬૦ ગ્રામના સોનાના દાગીના બનાવી પરત આપેલ અને બાકી રહેતુ કુલ ૫૬૦.૯૫૯ ગ્રામ ફાઈન સોનુ અંદાજીત કિ.રૂ.૩૫ લાખનું સોનુ ઓળવી જઈ ભાગી ગયો હતો. સાયબર ક્રાઈમ પોલીસ મથકના પી.આઈજે.એમ.કૈલા સાથે પીએસઆઈ કે. પી. પટેલ, પીએસઆઈ એન.એચ.નિમાવત મનોજભાઈ દેવકુભાઈ ગોહેલ તથા અનાર્મ લોકરક્ષક ધિરેનકુમાર ભાવુભાઈ મકવાણાએ કામગીરી કરી હતી.

## મોરબીમાં પ્રેમસંબંધ જાળવી રાખવા યુવતિને છરી બતાવી, ભાઈને મારી નાખવાની ધમકી

### નગર દરવાજા ચોકમાં રાત્રે મળવા બોલાવી પ્રેમીએ ખેલ કર્યોઃ પોલીસ ફરીયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં આવારા રોમિયો દ્વારા પ્રેમસંબંધમાં અણબનાવનો ખાર રાખી યુવતીને રાત્રીના નગરદરવાજાના ચોકમાં મળવા બોલાવી હતી, ત્યારે યુવતી તેમના બેન સાથે મળવા જતા, પૂર્વ પ્રેમીએ યુવતીને બેફામ ગાળો આપી, છરી બતાવી તેને અને તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. હાલ પીડિત યુવતીએ હિંમત કરી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પૂર્વ પ્રેમી સામે ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબીના લીલાપર રોડ ઉપર રહેતી એક યુવતી દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી તોફિક ગુલામહુસેન સૂમરા રહે. મોરબી વીસીપરા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ઉપરોક્ત આરોપી સાથે ભોગ બનનાર યુવતીને છેલ્લા પાંચ વર્ષથી પ્રેમ સંબંધ હોય, ત્યારે તેમના સંબંધમાં અણબનાવ થતા, બન્ને છેલ્લા છ માસથી એકબીજાને બોલાવતા ન હોય તેમજ કોઈ વાતચીતનો વ્યવહાર પણ ન હોય, ત્યારે ગઈ તા.૦૬/૧૦ ના રોજ આરોપીના મિત્રએ પીડિત યુવતીને ફોન કરીને વાત કરેલ કે 'તોફિકે ફોન કરવાનું કહ્યું છે અને તારી સાથે મળવું છે? તેમ કહેતા યુવતીને ડર લાગતો હતો કે, આરોપી તોફિક તેના ઘરે આવશે, એટલા માટે યુવતી રાત્રીના તેમના બેન સાથે નગર દરવાજા ચોકમાં ગયા ત્યારે આરોપી તોફિક પોતાના મોપેડમાં આવી, યુવતી સાથે વાતચીત કરી બેફામ ગાળો આપવા લાગ્યો અને પેન્ટના નેફામાંથી છરી કાઢીને કહેવા લાગ્યો કે, 'તને અને તારા ભાઈને જાનથી મારી નાખીશ'. જેથી મારકુટની બીકે ભોગ બનનાર અને તેમના બેન ત્યાંથી તેમના ઘરે જતા રહ્યા હતા. જે બાદ હાલ હિંમત કરી ભોગ બનનાર યુવતી દ્વારા આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા, એ ડિવિઝન પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટમાં દુકાને જવા નીકળેલા વેપારીનું માર્ગ અકસ્માતમાં મોત

### અજાણ્યા કાર ચાલકે આધેડના બાઈકને ઠોકરે ચડાવતા ઘટના ઘટી ; પરિવારમાં કલ્પાંત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર ચોકડીએ રહેતાં વેપારી સ્કૂટર લઈ કુવાડવામાં આવેલી પોતાની કરીયાણાની દૂકાને જતા હતા. ત્યારે બેડી ચોકડી નજીક અજાણ્યા કાર ચાલકે વેપારીના સ્કુટરને ઠોકરે ચડાવ્યું હતું. હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા વેપારીનું મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ માધાપર ચોકડી પાસે મેરીગોલ્ડ એવન્યુ એપાર્ટમેન્ટમાં રહેતાં નિલેષભાઈ હરિદાસભાઈ ભીંડોરા (ઉ.વ.૫૯) સવારના દસેક વાગ્યના અરસામાં ઘરેથી એક્ટીવા હંકારી કુવાડવા ગામમાં આવેલી પોતાની કરિયાણાની દૂકાને જવા નીકળ્યા હતા ત્યારે બેડી ચોકડી નજીક અજાણ્યો કારચાલક ઠોકરે ચડાવી ભાગી ગયો હતો. ઘટનાને પગલે એકઠા થયેલા લોકોમાંથી કોઈએ નિલેષભાઈનો ફોન ચેક કરતાં છેલ્લે તેમણે ભત્રીજા સાથે વાત કરી હોઈ તેમાં કોલ જોડતાં સગાને બનાવની જાણ થઈ હતી. નિલેષભાઈને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તેમનું મોત નિપજતા પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક નિલેષભાઈ છ ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતાં અને તેમને સંતાનામાં એક પુત્ર અને બે પુત્રી છે. પુત્ર દુબઈમાં રહી કામ કરે છે. નિલેષભાઈ કુવાડવામાં કરિયાણાનો વેપાર કરતાં હોવાનું જાણવા મળ્યુ છે. આ બનાવ અંગે બી-ડિવીઝન પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેરમાં વધુ એક મહિલા પોલીસ કર્મીનો આપઘાત

## પતિ-પત્ની વચ્ચેની બોલાચાલી બાદ ઝેરી દવા પી લીધીઃ સારવારમાં મોતઃ આજીડેમ પોલીસ મથકમાં ફરજ બજાવતાં હતાં, અમદાવાદમાં સારવાર દરમિયાન દમ તોડી દેતા ૪ વર્ષનો પુત્ર માતા વિહોણો બન્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધુ એક મહિલા પોલીસ કર્મચારીએ આપઘાત કરી લેતાં સમગ્ર પોલીસ વિભાગમાં શોકનું મોજું ફરી ફરી વળ્યું છે. આજીડેમ પોલીસ મથકમાં ફરજ બજાવતા ૨૮ વર્ષીય હરસિદ્ધિબેન હર્ષભાઈ ભારડિયાએ એક મહિના પૂર્વે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તબિયત લથડતાં તેમને અમદાવાદ ખસેડવામાં આવ્યાં હતાં, પરંતુ મંગળવારે તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. તેમનો ૪ વર્ષનો પુત્ર માતા વિહોણો બનતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

આ બનાવની વિગત મુજબ ગત ૮ સપ્ટેમ્બરના રોજ આજીડેમ પોલીસ મથકમાં ફરજ બજાવતાં હરસિદ્ધિબેન હર્ષભાઈ ભારડિયા (ઉં. ૨૮) એ કોઠારિયા સોલવન્ટ ખાતે આવેલા પોતાના ભાડાના મકાનમાં ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી લીધો હતો. બનાવની જાણ થતાં તેમના પરિવારે તેમને તાત્કાલિક રાજનગર ચોક નજીક આવેલી સમ્યક હોસ્પિટલમાં દાખલ કર્યાં હતાં. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી. જાડેજા સહિતના સાથી કર્મચારીઓ હોસ્પિટલે પહોંચી ગયા હતા. હરસિદ્ધિબેન આઈસીયુમાં સારવાર હેઠળ હતાં, પરંતુ ત્રણ દિવસ પૂર્વે તેમની તબિયત વધુ લથડતાં તેમને અમદાવાદ બાવાદ ખસેડવામાં આવ્યો હતાં, જ્યાં મંગળવારે તેમનું મૃત્યુ થયું હતું.

આજીડેમ પોલીસ મથકના પીએસઆઈ એ.આર. રાઠોડની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે હરસિદ્ધિબેનના પતિ હર્ષ હાલ કોઈ કામધંધો કરતા ન હતા, જેને કારણે બંને વચ્ચે વારંવાર બોલાચાલી થતી હતી. આ બાબતથી કંટાળીને હરસિદ્ધિબેને આપઘાતનું પગલું ભર્યું હતું. હરસિદ્ધિબેન વર્ષ ૨૦૨૩માં પોલીસ ફોર્સમાં જોડાયાં હતાં અને તેઓ મૂળ જૂનાગઢના વતની હતાં. સંતાનમાં એક ૪ વર્ષનો પુત્ર છે. આ ઘટનાથી તેમના પરિવાર તથા પોલીસ સ્ટાફમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

# રેસકોર્સ લવ ગાર્ડન પાસે વેપારીને ધમકાવી પોલીસના નામે રૂા.૩૨ લાખની લૂંટ

## શાહબાઝ મોટાણી નામના ટીઆરબી જવાન સહિત ચાર લોકોનું કારસ્તાનઃ ડીસીપી સહિતના અધિકારીઓ પ્રનગર પોલીસ મથકે દોડી ગયા ચારેય આરોપી પોલીસના સકંજામાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેસકોર્સ લવગાર્ડન પાસે પોલીસના નામે ૩૨ લાખની રોકડ ભરેલા થેલાની લૂંટનો સનસનાટીજનક બનાવ બની જતાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ ફૂટ રિંગરોડ પર શહીદ સુખદેવ ટાઉનશિપમાં રહેતા અને એગ્રીકલ્ચર પ્રોડક્ટનું કામ કરતા સમીરભાઈ રશ્મિકાંતભાઈ પંડ્યા (ઉ.વ.૫૦)એ પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે, તેમણે ભૂતખાના ચોકમાં રોયલ કોમ્પ્લેક્સમાં આવેલી એકતા એન્ટરપ્રાઈઝ નામની ઓફિસ ધરાવતા શૈલેષ મનસુખભાઈ દલસાણિયાને કપાસની ગાંસડી ખરીદવા માટે ૩૨ લાખ રૂપિયા રોકડા આપ્યા હતા. જો કે આ ભાવમાં કપાસની ગાંસડી મળતી ન હોય શૈલેષે પૈસા પરત આપવાનું કહી આ રૂપિયા શૈલેષનો માણસ સમીરભાઈને રેસકોર્સ લવ ગાર્ડન પાસે આવીને આપી જશે તેવું કહ્યું હતું. ત્યારબાદ સમીરભાઈ પૈસા લેવા માટે લવ ગાર્ડન ખાતે પોતાનું એક્ટિવા નં.જી.જે.૩-



ડી.એમ.૬૦૫૯ લઈને પહોંચ્યા હતા. આ પછી શૈલેષ સાથે પૈસા અંગેની વાતચીત કરતાં શૈલેષે કહ્યું હતું કે, રેસકોર્સની અંદર લવ ગાર્ડન પાસે એક કિયા કાર પડેલી છે ત્યાંથી રૂપિયા મળી જશે. આ સાંભળી સમીરભાઈ કાર પાસે જઈ રૂપિયા ભરેલો થેલો લઈ આવ્યા હતા. જો કે, જેવો થેલો લીધો કે સફેદ કલરના એક્સેસ સ્કૂટર પર બે વ્યક્તિઓ ધસી આવ્યા હતા અને પોતે પોલીસ હોવાનું કહી સમીરભાઈ સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી. જોતજોતામાં બન્નેએ થેલો લૂંટી લીધો હતો. ત્યારબાદ સમીરભાઈ પાસે રહેલા બન્ને ફોન પણ ઝુંટવી લીધા હતા પરંતુ આ વ્યક્તિ પોલીસ હોય તેવું ન લાગતા સમીરભાઈએ તેને કહ્યું હતું કે, મને પોલીસ સ્ટેશન લઈ જાવ. આ સાંભળી એ શખસ ઉશ્કેરાઈ ગયો હતો અને સમીરભાઈને કહ્યું હતું કે, મારું નામ શાહબાઝ મોટાણી છે અને હું પોલીસમાં જ છું.

આ રીતે શાહબાઝે એક કલાક સુધી સમીરભાઈને ક્યાંય જવા દીધા ન હતા. ત્યાર પછી સમીરભાઈને એક્ટિવામાં બેસાડીને રેસકોર્સના મહિલા ગાર્ડન પાસે લઈ ગયા હતા અને ત્યાંથી સમીરભાઈ એક્ટિવામાંથી ઉતરીને બાલભવન તરફ જતા રસ્તે ભાગી ગયા હતા. જો કે શાહબાઝે ફરી સમીરભાઈને પકડી લઈ મહિલા ગાર્ડન પાસે લઈ ગયો હતો અને ત્યાં અર્ધો કલાક સુધી માર મારી 'તું તને પૈસા આપવાવાળા માણસને બોલાવ અને વધારાના પૈસા અપાવ નહીંતર અમે તને જવા નહીં દઈએ' આમ કહી સમીરભાઈને બે મોબાઈલ ફોન પરત આપી દીધા હતા અને ત્યાંથી બન્ને ભાગી ગયા હતા.

આ ઘટનાની જાણ થતાં ક્રાઈમ બ્રાન્ચ, પ્ર.નગર પોલીસ મથકની ટીમે તાત્કાલીક નાકાબંધી કરી શાહબાઝ મોટાણી ,દાનિશ શેખ,આતિશ સુમરા,મહેશ વાઘેલા સહિતના ચાર લોકોને દબોચી લીધા હતા. જાણવા મળ્યા પ્રમાણે શાહબાઝ મોટાણી ટીઆરબી તરીકે નોકરી કરતો હોવાનું સામે આવ્યું છે. બીજી બાજુ ૩૨ લાખની લૂંટનો બનાવ બનતા ડીસીપી રાકેશ દેસાઈ સહિતના અધિકારીઓ પણ પોલીસ મથકે દોડી ગયા હતા.

# આંબેડકરનગરમાં ધમધમતી દારૂની ભઠ્ઠી પર પોલીસ ત્રાટકીઃ એક મહિલા ઝડપાઈ

## મકાનમાં બીજામાળે બનાવી ભઠ્ઠીઃ દેશીદારૂ, ગોળ સહિત ૨.૫૨ લાખનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર આવેલા આંબેડકરનગરમાં રહેણાંક મકાનના બીજા માળે ધમધમતી દારૂની ભઠ્ઠીમાં દરોડો પાડીને પોલીસે દેશી દારૂ અને ગોળ સહિતનો ૨.૫૨ લાખનો મુદ્દા માલ કબજે કર્યો હતો. સ્થળે પરથી એક મહિલાની ધરપકડ કરવામાં આવી અને એક શખસને ફરાર જાહેર કરવામાં આવ્યો હતો.



આ અંગેની વિગતો મુજબ માલવિયાનગર પોલીસ મથકના પીએસઆઈ એમ.જે.ધાંધલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હોય ત્યારે હેડ કોન્સ્ટેબલ અજય વિકમાં, ચિત્રકેતુસિહ ઝાલા અને કોન્સ્ટેબલ ભાવેશ ગઢવીને મળેલી બાતમીના આધારે પી.આઈ. જે. આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ આંબેડકરનગર શેરી નંબર પાંચમાં રામાપીરના મંદિર વાળા ચોકમાં આરોપી ધર્મેશ ઉર્ફ રાધે હરેશભાઈ રાઠોડ પોતાના મકાનમાં બીજા માળે આવલી ઓરડીમાં ભઠ્ઠી બનાવી તેમાં દારૂ બનાવે છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને ૬૫૦ લિટર દેશી દારૂ, ગોળ, આથો સહિત ૨.૫૨ લાખ્ખો મુદામાલ કબ્જે કર્યા હતો. સ્થળ પરથી પોલીસે મૂળ મધ્યપ્રદેશની વતની સીતાબાઈ કલજી કટારા નામની મહિલાને ઝડપી લીધી હતી. જ્યારે આરોપી ધર્મેશ ઉર્ફ રાધે મળી ન આવતા તેને ફરાર જાહેર કર્યો હતો.

# પૈસાની લેતી દેતી પ્રશ્ને રીક્ષા ચાલકનું શાપર પાસેથી અપહરણ કરી માર મારનાર ત્રણ શખ્સોની ધરપકડ

## પોલીસે મોબાઈલ લોકેશનના આધારે ખાનગી કારમાં પીછો કરી અપહૃત યુવકને છોડાવ્યો હતો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતો રિક્ષા ચાલક યુવાન શાપરમાં હતો. ત્યારે રિક્ષાના રૂપિયાની લેતી-દેતીમાં યુવાનનું બે સ્કૂટરમાં અપહરણ કરી સાત જેટલા શખ્સોએ જૂદા-જૂદા સ્થળે લઇ જઈ માર મારમારી બીડીના ડામ દીધા હતા. ઘટનાના પગલે શાપર પોલીસે ખાનગી કારમાં પીછો કરી મોબાઈલ લોકેશનના આધારે અપહત યુવકને મુક્ત કરાવ્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતો દિપક મનોજભાઈ રાઠોડ નામનો ૨૨ વર્ષનો યુવાન સાંજના સાડા છ એક વાગ્યાના અરસામાં શાપર પુલ નીચે પોતાની રિક્ષા લઈને ઉભો હતો. ત્યારે વિજય કોળી અને અભય નામના શખ્સોએ માર મારી બે સ્કૂટરમાં અપહરણ કરી નવાગામમાં લઈ જઈ ધોકા વડે માર માર્યો હતો અને ત્યાથી કુવાડવા રોડ વાંકાનેર હાઈવે પર પીપળીયા ગામની સીમમાં લઈ જઈ માર માર્યો હતો. યુવાનને ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં દિપક રાઠોડ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. અને અગાઉ એક વર્ષ પહેલા વિજય કોળીની રિક્ષા ભાડે ચલાવતો હતો અને ગોંડલમાં તેનો નો પાર્કિંગનો રૂા.૫ હજારનો દંડ થયો હતો. તે વિજય કોળીએ ભર્યો હતો.

જેથી વિજય કોળીએ વ્યાજ સહિત રૂા.૪૦ હજારની માંગણી કરી હતી. તે રૂપિયાની અદાવતમાં દિપક રાઠોડનું અપહરણ કરી માર મારી બીડીના ડામ દીધા હતા. દિપક રાઠોડને મિત્ર જોઈ જતા દિપકાન કાકા રાજૂભાઈને જાણ કરતા મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. ઘટનાની જાણ થતાં જ શાપર પોલીસે મોબાઈલ લોકેશનના આધારે ખાનગી કારમાં પીછો કરી અપહત યુવાનને મુક્ત કરાવ્યો હોવાનું જાણવા મળ્યુ છે. બનાવના પગલે શાપર-વેરાવળ પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણા, પીએસઆઇ વી.જી.જેઠવા, હેડ કોન્સ. રાજેશભાઇ, મહેન્દ્રભાઇ સહિતના સ્ટાફે યુવાનની ફરીયાદના આધારે બનાવની ગણતરીની કલાકોમાં જ યુવાનનું અપહરણ કરી માર મારનાર રાજકોટના કોઠારીયા મેઇન રોડ પર રામરણુજા સોસાયટીમાં રહેતો વિજય ધર્મેશ ઉકેળીયા, કટારીયા ચોકડી પાછળ આદિત્ય આવાસમાં રહેતો સુરેશ કેશુ ઉકેળીયા અને હુડકો ચોકડી પાસે શિવાલય કોમ્પલેક્ષમાં રહેતો અજય અતુલ મુંજારીયા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# રેસકોર્સના ગાર્ડનમાં બાકળા પરથી લેપટોપ ચોરી કરનાર તસ્કર ઝડપાયો

## વિદેશી દારૂના ગુન્હામાં નાસ્તાફરતા બુટલેગરનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી પોલીસે કાર્યવાહી કરી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની મધ્યમાં આવેલા રેસકોર્સના ગાર્ડનમાં બાકડા પરથી લેપટોપની ચોરી કરનાર તસ્કર અને વિદેશી દારૂના ગુન્હામાં નાસ્તાફરતા રાજસ્થાની બુટલેગરનો ગોંડલ જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે કબ્જો લઇ પ્ર.નગર પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

પ્રથમ બનાવમાં શહેરના કિશાનપરા ચોક પાસે આવેલ રેસકોર્સ ગાર્ડનમાં લાયબ્રેરીના બાકડા પર બેઠેલા યુવાનનું રૂ.૬૦ હજારની કિંમતનું લેપટોપ ચોરી કોઇ અજાણ્યો ઇસમ કરી ગયાની પ્ર.નગર પોલીસમાં ફરીયાદ નોંધાઇ હોય જેના પગલે પીએસઆઇ જે.બી.રાણીંગા, કોન્સ. રીયાઝભાઇ અને તોફીકભાઇ તથા વિરેન્દ્રસિંહ સહિતના સ્ટાફે ટેકનીકલ સોર્સીસ અને બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી લોધીકાના મેટોડા જીઆઇડીસી ગેઇટ નં.૧ આસુતોષ પાર્કમાં રહેતો વિશ્વકર્મા ઉર્ફે વિક્કી સનજય દેહડે નામના તસ્કરની ધરપકડ કરી રૂ.૬૦ હજારની કિંમતનું લેપટોપ કબ્જે કર્યું છે.

જયારે બીજા બનાવમાં રાજસ્થાનના જાલોદ જીલ્લાના ચિત્તલવાના તાલુકાના દાવલ ગામનો રહેવાસી અનિલ બુધારામ સાહુ નામનો બુટલેગર હાલ કોટડાસાગાણી કોર્ટની કસ્ટડીમાં ગોંડલ જેલ ખાતે હોય અને આ શખ્સ પ્ર.નગર પોલીસ સ્ટેશનના વિદેશી દારૂના ગુન્હામાં નાસ્તોફરતો હોય જેથી પોલીસે ટ્રાન્સફર વોરંટ મેળવી આ રાજસ્થાની બુટલેગર અનિલ સાહુની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રેલનગરના યુવાનના નામે બેંકમાં લોન કરાવી કુંભારા ગામના શખ્સે કરી છેતરપીંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગરમાં રહેતા અને ઓનેસ્ટ કલ્બ પ્રા. લી.માં મેનેજર તરીકે ફરજ બજાવતા યુવાનના નામે ચોટીલા તાલુકાના કુંભારા ગામના શખ્સે બેંકમાં લોન લઇ છેતરપીંડી કરતા ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના રેલનગરમાં આવેલ ગુલમોહર પ્લાઝાની બાજુમાં ભાડાના મકાનમાં રહેતો અને ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ફોર્ચ્યુન હોટલ પાસે વિંગ બિઝનેશ કોમ્પલેક્ષમાં ઓનેસ્ટ કલ્બ પ્રા. લી. કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા યુવરાજસિંહ મહેન્દ્રસિંહ પરમારએ તાલુકા પોલીસમાં ચોટીલા તાલુકાના કુંભારા ગામના પ્રતાપ કાળાભાઇ ઉર્ફે કાળુભાઇ માનસુરીયા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, યુવાન ઓનેસ્ટ કલબ પ્રા. લી.માં મેનેજર તરીકે નોકરી કરતા હોય અને આ કંપનીનું પુનાવાલા ફિનકોર્પ સાથે કરાર હોય જેથી કમીશન બેઝ ઉપર આ આરોપી પ્રતાપ માનસુરીયાને રૂ.૧૦.૧૨ લાખની લોન પુનાવાલા ફિનકોર્પમાંથી મંજુર કરાવી આપી તેમની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા બેંકની રૂ.૫.૪૧ લાખ તેમજ રૂ.૩.૯૨ લાખ પ્રતાપના બેંક ખાતામાં આરટીજીએસથી ટ્રાન્સફર કરાવીયા હોય અને આ લોનની એનઓસી ૧૫ દિવસમાં આરોપીએ ફરીયાદીને આપવાની હોય પરંતુ આ શખ્સે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા બેંકમાં રૂબરૂ થઇ એનઓસી લાવી યુવાનને આપી ન હતી અને તેનો ઉપયોગ કરી એચડીએફસી બેંકમાં નવી લોન કરાવી લઇ છેતરપીંડી કરી હોવાની ફરીયાદ નોંધાવતા પ્રો. એએસઆઇ ડી.સી.જોશીએ પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

# રૈયાગામમાં યુવકે પત્ની, સાસરિયાના ત્રાસથી કંટાળીને કર્યો'હતો આપઘાત

## આપઘાત પૂર્વે યુવકે પોલીસ કમિશનરને સંબોધીને સ્યુસાઇડ નોટ લખી હતીઃ મરવા મજબુર કરવા અંગે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાગામમાં રહેતા ૩૮ વર્ષીય યુવકના આપઘાત મામલે તેના ખિસ્સામાંથી પોલીસ કમિશનરને સંબોધીને સ્યુસાઈડ નોટ મળી આવી હોય જેમાં પત્ની અને સાસરિયાના ત્રાસથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનું સામે આવતા. પોલીસે પત્ની અને સાસરિયા સામે મરવા મજબૂર કર્યા અંગેનો ગુનો નોંધ્યો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, રૈયા ગામ ખોડીયાર મંદિર સામે રહેતા રામજીભાઈ તેજાભાઈ મેરિયાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં વહુ દુર્ગા, વેવાઈ જેઠાભાઈ, વેવાણ અને પુત્રના સાઢુભાઈ અશ્વીન સહિતના સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમના ૩૮ વર્ષી ય પુત્ર મહેન્દ્રએ ગત તારીખ ૧૭/૯/૨૫ સાંજે ૭ વાગ્યે વેજાગામે આવલી વાડીમાં કપાસમાં છાંટવાની દવા પી લેતા ખાનગી બાદ એઈમ્સ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તારીખ ૩૦/૯ ના તેનું મોત નિપજ્યું હતું. મૃતક મહેન્દ્રની પત્ની દુર્ગાએ મહિલા પોલીસ મથકમાં પતિ મહેન્દ્ર સહિતના સામે ત્રાસ આપવાની અરજી કરી હતી. જે બાદ મહેન્દ્રએ પણ જે દિવસે દવા પીધી ત્યારે સવારે તેની પત્ની અને સાસરિયા ત્રાસ આપતા હોય તેવી અરજી યુનિવર્સિટી પોલીસ મથકમાં કરી હતી.તપાસ કરતા મહેન્દ્રના ખિસ્સામાંથી પરિવારને એક સ્યૂસાઈડ નોટ મળી આવી હતી જેમાં તેણે પોલીસ કમિશનરને સંબોધીને જણાવ્યું હતું કે, 'મને મારી પત્ની, સાસુ, સસરા અને પત્નીના બેન અને બનેવી બહુ ત્રાસ આપી મારુ જીવન બગાડી નાખ્યું છે. મારી પત્ની આઠ મહિનાથી અલગ રહે છે અને તે મારા પરિવારના સભ્યો ઉપર ખોટા કેસ કરીને ફસાવી દેવા ત્રાસ આપે છે. મારી પત્ની મને મારવા મજબૂર કરતી છતાં પણ મેં મારું ઘર બચાવવા કોશિશ કરી હતી. મારા છોકરાને મારા ઘરવાળાને આપવી દેજો'' જે નોટ પોલીસને બતાવતા તેના આધારે મૃતક મહેન્દ્રની પત્ની અને તેના સાસરિયાઓ સામે મરવા મજબુર કરવાનો ગુનો નોંધ્યો છે.

# નીલસિટી સોસાયટીમાં પાડોશીનો એડવોકેટ પર હથિયાર વડે હુમલો

## અગાઉ સરકારી વકીલ સાથે થયેલા ઝઘડાનું સમાધાન કરવાનું કહેતા ન ગમ્યું આરોપી વતી રાજકોટ બારમાંથી કોઈ વકીલ નહી રોકાય



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિર્વસિટીના ગેઇટ નજીક આવેલી નીલસિટી સોસાયટીમાં પાડોશીએ અગાઉ સરકારી વકીલ સાથે ઝઘડો કર્યો હોય તે બાબતે સમાધાનનુ કરવાનું કહેતા એડવોકેટ પર તીક્ષણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. જો કે સોસાયટીમાં રહેતા અન્ય બે મિત્રોએ યુવકને વધુ મારથી બચાવી લોહીલુહાણ હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડયો હતો. આ ઘટનામાં રાજકોટ બાર એસોસિએશનના દ્વારા પણ આરોપી તરફે કોઈ વકીલ નહી રોકાય તેવો ઠરાવ પસાર કર્યો હતો.

આ અંગેની વિગતો મુજબ, યુનિવર્સિટી રોડ નીલસિટી સોસાયટીમાં નીલગ્રીનવુડ એપાર્ટમેન્ટમાં રહેતા ફરિયાદી એડવોકેટ જયવીરસિંહ લખધીરસિંહ ઝાલાએ ( ઉંમર ૩૨ ) યુનિવર્સિટી પોલીસ મથકમાં આરોપી તરીકે મયુરસિંહ રાયજાદાનું નામ આપતા ફરિયાદ નોંધાવી હતી કે, મંગળવારે રાત્રિના ૧૧૦૦ વાગ્યે તે કે.કે.વી ચોક પાસે આવલી પોતાની ઓફિસથી ઘરે આવ્યા ત્યારે સોસાયટીમાં રહેતા જયુભા ઝાલા અને રૂદ્રસિહ જાડેજા પાસે ગેટ પાસે ઊભા હતા તેવામાં સોસાયટીમાં જ રહેતો મયુરસિહ રાયજાદા તેની પાસે આવેલ અને બોલાચાલી ગાળો દેવા લાગેલ જયવીરસિહે ગાળો દેવાની ના પાડતાં તે એકદમ ઉશ્કેરાય ગયેલ અને પોતાની પાસે રહેલ કોઈ તીક્ષણ હથિયાર વડે પાછળથી ઘા કરવા જતા આંખથી નીચેના ભાગે મોટો છરકો પડયો હતો. જે બાદ આરોપી ઢીકાપાટુનો માર માર્યો હતો.

ઝઘડો થતો હોવાનું સામે આવતા જ મિત્ર જયુભા ઝાલા અને રૂદ્રસિહ દોડી આવીને એડવોકેટને વધુ મારથી બચાવ્યા હતા અને બાઈકમાં નજીક આવલી શાંતિ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. એડવોકેટ જયવીરસિંહના જણાવ્યા મુજબ, તેમના મિત્ર એવા સરકારી વકીલ સમીર ખીરા સાથે મયુરસિંહને કોઈ વાતને લઈને અગાઉ ઝઘડો થયો હતો ત્યારે આરોપી મયૂરસિહ પાડોશી થતાં હોય એટલે તેઓએ આ ઝઘડાનું સમાધાન કરવાનું કહ્યું હતું જે વાત તેઓને ન ગમતાં હિચકારો હુમલો કરવામાં આવ્યો હતો. એડવોકેટ ઉપર થયેલા હુમલાને લઈને વકીલ આલમમાં પણ રોષ જોવા મળ્યો. હતો તેવામાં રાજકોટ બાર એસોસિએશન દ્વારા એક ઠરાવ પસાર કરીને આરોપી તરફે કોઈ વકીલ નહી રોકાય તેવો નિર્ણય લીધો છે.

# સોમવારી બજારમાં કપડા ખરીદવાનું મહિલાને મોંઘુ પડયુંઃ રૂ.૨.૫૧ લાખ મત્તા ભરેલું પર્સ ચોરી થયું


**મુખ્ય સમાચાર, રાજકોટ**

બજરંગવાડી સર્કલ પાસે સોમવારી બજારમાં કપાડી ખરીદી કરવા ગયેલ મહિલાનું રૂ.૨.૫૧ લાખની મત્તા ભરેલુ પર્સ અજાણીયો શખ્સ નજર ચુકવી ચોરી કરી જતા ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ મુળી તાલુકાના શેખપર ગામે રહેતા ઉર્મીલાબા જયદિપસિંહ પરમાર અને તેની પિતરાઇ બહેન રાજલબા સાથે બજરંગવાડી સર્કલ પાસે આવેલ સોમવારી બજારમાં કપડાની ખરીદી કરવા ગયા હતા ત્યારે કપડાની ખરીદી કરી રહ્યા હતા તે દરમ્યાન કોઇ અજાણ્યો શખ્સ નજર ચુકવી પ્લાસ્ટીકની થેલીમાં રાખેલ પર્સ જેમાં પગના સોનાના સાકડા કિંમત રૂ.૨.૫૦ લાખ અને રોકડા રૂ.૧૫૦૦ રાખેલા હોય તે પર્સની ચોરી કરી જતા ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે હેડ કોન્સ. રોહિતદાન સહિતના સ્ટાફે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# કોઠારીયા સોલ્વેન્ટ પાસે સીતારામ સોસાયટીમાં તરુણને મારમારી લૂટ ચલાવનાર બે ઝડપાયા

## સ્કૂલે જઈ રહ્યો હતો ત્યારે છરી બતાવી સાઈકલ ફેંકી દઈ લૂંટ ચલાવી બીજા દિવસે 'કોઈને કહીશ તો જીવતો નહીં રહેવા દઈએ' કહીને માર માર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કોઠારિયા સોલવન્ટ વિસ્તારમાં રહેતા ૧૫ વર્ષના તરુણ સાથે એક વિચિત્ર કિસ્સો બન્યો હતો. પાડોશમાં જ રહેતા બે લોકોએ પ્રથમ દિવસે તરુણને અટકાવીને લૂંટી લીધો હતો અને બીજા દિવસે ફરી તેને આંતરીને માર મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે તરુણના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેમનો પંદર વર્ષના પુત્રનો ફોન આવ્યો હતો કે તે સોમવારી બજારથી આગળ પટમાં સાઈકલ લઈને જતો હતો ત્યારે પાડોશમાં રહેતો નિલેશ અને તેની સાથેના એક વ્યક્તિએ ઉભો રાખી છરી બતાવી હતી અને ગળામાં પહેરેલું શંકર ભગવાનની મૂર્તિવાળું ચકઠું લઈને ચાલ્યા ગયા હતા. આ પછી તરુણના પિતા સ્થળ પર દોડી ગયા અને તપાસ કરતા કોઈ ભેગું થયું ન્હોતું. પુત્રએ જણાવ્યું કે નિલેશ અને તેની સાથે રહેલા ભરત નામના શખસે તેની સાઈકલ ફેંકી દીધી હતી અને લૂંટીને ભાગી ગયા હતા.

ત્યારબાદ બીજા દિવસે તરુણ પરીક્ષા આપવા ગયો ત્યારે ફરી નિલેશ આવી ગયો હતો અને ગાળ આપી જો કોઈને ચેઈન લઈ લીધાની વાત કરીશ તો જાનથી મારી નાખીશ કહીને બેફામ માર માર્યો હતો. આ કેફિયતના આધારે પોલીસે ફરિયાદ નોંધી નિલેશ અને ભરત નામના શખસની શોધખોળ આદરી હતી. તે દરમ્યાન આજીડેમ પોલીસ મથકના પીએસઆઇ જે.જી.રાણા, એએસઆઇ કિશનભાઇ આહિર, કોન્સ. મહેશભાઇ કોઠીવાડ અને દેવાભાઇ ધરજીયા સહિતના સ્ટાફે બાતમીના આધારે કોઠારીયા ગામની સામે નવા રોડ પર પાણીના ટાંકા પાસેથી નિલેશ ઉર્ફે ભુરી ગોપાલ વાઘેલા (રહે. શિતળાધાર, ૨૫ વારીયા, મફતીયાપરા) અને ભરત પોપટ પરમાર નામના બે શખ્સોની ધરપકડ કરી લૂંટ કરેલ મુદ્દામાલ અને બાઇક તથા છરી સહિત રૂ.૭૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.